અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ એપ્રિલ ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧૩-૧૪

વર્ષ : ૧૬
અંક : ૨૯૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886








# જામા મસ્જિદમાંથી ભારતીય મુસ્લિમોનો પાકિસ્તાનને સંદેશ

## જુમાની નમાઝ બાદ દિલ્હીની જામા મસ્જિદમાં પણ લોકોએ પાકિસ્તાન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહેલગામ આતંકી હુમલાને લઈને દેશમાં પાકિસ્તાન વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. આ વચ્ચે દિલ્હીની જામા મસ્જિદમાંથી પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે. જુમાની નમાઝ બાદ મસ્જિદમાં ભેગા થયેલા હજારો મુસ્લિમોએ આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં પોતાનો અવાજ ઉઠાવ્યો છે.

મુસ્લિમોએ હાથમાં તિરંગો અને પાકિસ્તાન મુર્દાબાદના પોસ્ટર લઈ આતંકીઓ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. લોકોના હાથમાં જે પોસ્ટર હતા તેમાં લખ્યું હતું 'હર ઘર સે નિકલેગી આવાજ આતંકવાદ કા હો વિનાશ. એક નિર્દોશની હત્યા સમગ્ર માનવતાની હત્યા છે. પ હેલગામ પર હુમલો માનવતા પર હુમલો.' દેશના ખુણે-ખુણામાંથી આતંકવાદ અને પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં વેપારીઓએ શુક્રવાર (૨૫ એપ્રિલ ૨૦૨૫) ના બંધનું આહ્વાન કર્યું છે. સદર બજાર, ભાગીરથ પ્લેસ, ગાંધીનગર, નવી બજાર, ખારી બાવલી,










ચાવડી બજાર, ચાંદની ચોક, જામા મસ્જિદ અને હૌજ કાઝી સહિત ૧૦૦થી વધુ બજાર સંભ બંધમાં ભાગ લઈ રહ્યાં છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે આતંકવાદીઓને આશ્રય આપનાર પાકિસ્તાન વિરૂદ્ધ ઘણી કડક કાર્યવાહી કરી છે. ભારતે સિંધુ જળ સંધિ (૧૯૬૦)ને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી. સિંધુને પાકિસ્તાનની જીવનરેખા કહેવામાં આવે છે. આ અંગે પાકિસ્તાનને ઔપ ચારિક માહિતી આપતાં ભારતે કહ્યું કે તેણે કરારની શરતોનું ઉલ્લંઘન કર્યું છે.

### મહિલાની સૂચના બાદ આખા વિસ્તારની ઘેરાબંધી

## કઠુઆમાં ચાર શંકાસ્પદ દેખાયા, આખા વિસ્તારની ઘેરાબંધી કરાઈ

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

આતંકવાદીઓએ પહલગામમાં પ્રવાસીઓ પર હુમલો કરી ૨૮ લોકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ સુરક્ષા દળોએ ચોતરફ કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ જ ક્રમમાં સુરક્ષા દળોએ કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એક મહિલાએ આ વિસ્તારમાં ચાર શંકાસ્પદ લોકોને જોતા તુરંત પોલીસને માહિતી આપી છે. ત્યારબાદ સુરક્ષા દળના જવાનોએ તુરંત કાર્યવાહી શરૂ કરી દીધી છે. સુરક્ષા દળના જવાનો, જમ્મુ-કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓરેશન ગ્રૂપ (SOG) અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આખા વિસ્તારમાં તપાસ અભિયાન શરૂ કરી દીધું છે. આખા વિસ્તારની ઘેરાબંધી કર્યા બાદ અહીં આવતા-જતા તમામ લોકો પર કડક દેખરેખ રાખવાની સાથે પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતા અહેવાલો મુજબ હીરાનગર સેક્ટર આંતરરાષ્ટ્રીય સરહદ પાસે આવેલું છે. અહીં અગાઉ પણ ઘૂસણખોરીના અનેક બનાવો બન્યા હતા. સુરક્ષા એજન્સીઓને શંકાસ્પદો મોટા ષડયંત્રને અંજામ આપવાની ફિરાકમાં હોવાની આશંકા છે. પોલીસ અને સેનાની ટીમો સર્ચ ઓપરેશનને ખૂબ જ સાવધાનીથી અને રણનીતિક રીતે અંજામ આપી રહી છે. આ ઉપરાંત ડ્રોન અને સ્નિફર ડૉગ્સની પણ મદદ લેવાઈ છે. સુરક્ષા દળો દ્વારા પુલવામાના કરીમાબાદ વિસ્તારમાં પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સૌથી વધુ કરીમાબાદમાં આતંકવાદીઓને આશરો અપાતો હોવાથી આ વિસ્તાર ખૂબ જ ચર્ચાસ્પદ છે.

## સેન્સેક્સ ૫૮૮.૯૦ પોઈન્ટ ઘટીને ૭૯,૨૧૨.૫૩ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

ટ્રેડિંગ વિકના છેલ્લા દિવસે બજારમાં દબાણ જોવા મળ્યું. સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સૌથી વધુ ઘટ્યા. આઈટી સિવાય, બીએસઈના બધા ક્ષેત્ર સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા. રિયલ્ટી, પીએસઈ, ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો. જ્યારે ઊર્જા, ધાતુ અને ઓટો સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા હતા. આઈટી ઈન્ડેક્સ થોડા વધારા સાથે બંધ થયો. સપ્તાહના છેલ્લા દિવસે બજારમાં દબાણ જોવા મળ્યું. સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સૌથી વધુ ઘટ્યા.

### આતંકી આદિલ શેખનું ત્રાલમાં ઘર પણ તોડી પાડ્યું

## પહલગામના દોષિતો વિરુદ્ધ એક્શન : એક આતંકીનું ઘર બોમ્બથી ઉડાવ્યું, બીજાના ઘરે બુલડોઝર ફેરવ્યું

।(એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૨૫।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં સામેલ આતંકવાદી આસિફ શેખના ઘરને વિસ્ફોટકોની મદદથી ઉડાવી દેવામાં આવ્યું છે. હુમલામાં સામેલ આતંકી આસિફ શેખના મોગામામાં ઘરની તપાસ દરમિયાન એક શંકાસ્પદ બોક્સ મળી આવતા ભારતીય સેના અને સુરક્ષા દળોને સતર્ક રહેવું પડ્યું હતું. આ બોક્સમાંથી વાયરો નીકળી રહ્યા હતા.અહેવાલો અનુસાર, સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોને એક શંકાસ્પદ બોક્સ મળ્યું. શરૂઆતની તપાસમાં તે ઈમ્પ્રુવાઈઝ્ડ



એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) હોવાની શંકા હતી. ઘટનાસ્થળે પહોંચેલી ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સ (RR)ની એન્જિનિયરિંગ ટીમે તે બોમ્બ હોવાની પુષ્ટિ કરી. સુરક્ષાની દ્રષ્ટિએ બોક્સ સ્થળ પર જ નાશ પામ્યું હતું, જેના પરિણામે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઘરનો એક ભાગ ચોક્કસપણે ઉડીને ખાખ થઈ ગયો હતો.જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે પહલગામ હુમલામાં સામેલ સ્થાનિક આતંકી આદિલ શેખનું ત્રાલમાં ઘર પણ તોડી પાડ્યું છે. આનાથી શંકા વ્યક્ત થઈ રહી છે કે પહેલગામ આતંકવાદી હુમલાનું આયોજન ઘણાં સમયથી કરવામાં આવી રહ્યું હતું. સુરક્ષા દળોને આશંકા છે કે ઘટનાસ્થળે વધુ વિસ્ફોટક સામગ્રી હોઈ શકે છે, તેથી સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો મુખ્યમંત્રીઓને આદેશ

## તમામ પાકિસ્તાનીઓને ઝડપથી રવાના કરો : અમિત શાહ

### અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને રાજ્યોમાંથી હટાવે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત સરકાર દ્વારા પાકિસ્તાન વિરૂદ્ધ ઘણા મોટા અને કડક પગલા લેવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાની નાગરિકોના વિઝા મામલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે પાકિસ્તાનને લગતા તમામ વિઝા રદ કરવાના નિર્દેશ આપ્યા છે. આ સંદર્ભમાં ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી હટાવે. ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે. મહત્વનું છે કે



પહેલગામ આતંકી હુમલા બાદ ભારત સરકાર સતત એક્શન મોડમાં છે. આ હુમલા પછી, ભારત સરકારે સૌથી પહેલું કામ ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધિને મુલતવી રાખવાનું કર્યું. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની જાણકારી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં સિંધુ જળ સંધિને મુલતવી રાખવાનો નિર્ણય પણ સામેલ હતો. સિંધુ જળ સંધિ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦ થી અમલમાં છે. સિંધુ નદીને પાકિસ્તાનની જીવનરેખા માનવામાં આવે છે. ૨૧ કરોડથી વધુની વસ્તી તેમની પાણીની જરૂરિયાતો પૂરી કરવા માટે સિંધુ અને તેની ચાર ઉપનદીઓ પર નિર્ભર છે. આ ઉપરાંત અટારી બોર્ડરને પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારત આવેલા પાકિસ્તાની નાગરિકોને આ માર્ગે પરત ફરવા માટે ૧ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે. ભારતમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં તૈનાત પાકિસ્તાની સંરક્ષણ સલાહકારોને દેશ છોડવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો હતો.

### ભારતે આપ્યો જડબાતોડ જવાબ

## LOC પર પાકિસ્તાની સેના દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું

। (એજન્સી) જમ્મુ, તા.૨૫ ।

પહલગામ આતંકવાદી હુમલાને કારણે દેશભરના લોકોમાં રોષ છલકાઈ રહ્યો છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાએ આખી રાત નિયંત્રણ રેખા (LOC) પર ફાયરિંગ કર્યુ હતુ. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) પર ગુરૂવારની આખી રાત ગોળીબાર કર્યો હતો. તે જ સમયે, ભારતીય સેનાએ ભારતીય ચોકીઓ પર ગોળીબારનો યોગ્ય જવાબ આપ્યો છે. સુરક્ષા દળોએ પાકિસ્તાની સેનાને અસરકારક રીતે જવાબ આપ્યો. તેમણે કહ્યું કે કોઈ જાનહાનિ થઈ નથી. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોતના થોડા દિવસો પછી આ ગોળીબાર થયો છે. તમને જણાવી દઈએ કે, ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી શ્રીનગર અને ઉધમપુર જઈ રહ્યા છે. તેઓ પહલગામમાં બૈસરન ખીણની પણ મુલાકાત લઈ શકે છે, જ્યાં આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, તે ખીણમાં તૈનાત વરિષ્ઠ અધિકારીઓને મળશે. નોંધનીય છે કે, જમ્મુ-કાશ્મીરના પહલગામ હુમલા બાદ ગુરૂવારે ભારતીય વાયુસેનાએ એક્સરસાઈઝ આક્રમણ હેઠળ મોટું સૈન્ય અભ્યાસ શરૂ કર્યું છે. જેમાં પહાડ અને જમીનના સ્તરે ટાર્ગેટને લઈને હવાઈ હુમલાનું અભ્યાસ કર્યું છે.

### પુરી દુનિયા સામે પાડોશી દેશની ખુલી પોલ

## પાકિસ્તાનના મંત્રીએ પહેલગામના આતંકીઓને ગણાવ્યા સ્વતંત્રતા સેનાની

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૫ ।

૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીરના Pahalgamમાં થયેલા આતંકવાદી હુમલાએ ભારતને હચમચાવી નાખ્યું હતું, ત્યારે પાકિસ્તાને ખૂબ જ બેશરમ કૃત્ય કર્યું છે. એક તરફ, પાકિસ્તાને ઔપચારિક રીતે આ હુમલાની નિંદા કરી, તો બીજી તરફ, તેના વિદેશ પ્રધાન અને નાયબ વડા પ્રધાન ઈશાક ડારે હુમલાખોરોને સ્વતંત્રતા સેનાનીઓ તરીકે સંબોધ્યા.આ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. આમાંનો સૌથી મોટો નિર્ણય ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો હતો, જે ભારતે આતંકવાદ સામે ઈસ્લામાબાદની ઢીલી નીતિના જવાબમાં લીધો હતો. આ સાથે, ભારતે પાકિસ્તાની નાગરિકોને આપ વામાં આવેલા તમામ વિઝા રદ કર્યા અને અટારી સરહદ બંધ કરવાની પણ જાહેરાત કરી. પાકિસ્તાન સરકારે આ અંગે પ્રતિક્રિયા આપી. નાણામંત્રી ઈશાક ડારે કહ્યું, "૨૪ કરોડ પાકિસ્તાની નાગરિકોને પાણીની જરૂર છે. ભારત આ કરી શકતું નથી. આને સીધું યુદ્ધ ગણવામાં આવશે. પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ (NSC) એ પણ ભારતના નિર્ણયને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું છે. નોંધનિય છે કે, ભારતના આકરા વલણથી પાકિસ્તાનમાં ફફડાટ ફેલાયો છે. જે બાદ તેના મંત્રીએ વિવાદાસ્પદ નિવેદનો કરવા લાગ્યા છે.

### પહેલગામ હુમલા બાદ સેના આકરા પાણીએ

## બાંદીપોરામાં અથડામણમાં LeTના આતંકીનો ખાતમો

। (એજન્સી) બાંદીપોરા, તા.૨૫ ।

જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરામાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણમાં લશ્કર એ તૈયબા Lashkar-e -Taiba (LeT)નો ટોપ આતંકી માર્યો ગયો છે. લશ્કરના આતંકી અલ્તાફ લાલીનો સુરક્ષાદળોએ સફાયો કર્યો છે. બાંદીપોરામાં શુક્રવાર સવારથી અથડામણ થઈ રહી છે. સુરક્ષાદળોએ વિસ્તારમાં આતંકીઓની સૂચના મળ્યા બાદ બાંદીપોરા જિલ્લામાં ઘેરાબંધી અને સર્ચ અભિયાન શરૂ કર્યું હતું. તેમણે જણાવ્યું કે છૂપાયેલા આતંકીઓ દ્વારા સુરક્ષાદલો પર ફાયરિંગ શરૂ કર્યા બાદ સર્ચ અભિયાન અથડામણમાં ફેરવાઈ ગયું. આ અગાઉ આ એન્કાઉન્ટરમાં એક આતંકી ઘાયલ થયાના સમાચાર હતા. આ દરમિયાન બે સુરક્ષાકર્મી ઘાયલ થયા થયા છે. અત્રે જણાવવાનું કે પહેલગામ આતંકી હુમલા બાદ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદલો અને આતંકીઓ વચ્ચે આ ચોથું એન્કાઉન્ટર છે. આ અગાઉ ગુરુવારે સુરક્ષાદળોએ ઉધમપુરના ડૂડૂ બસંતગઢમાં કેટલાક આતંકીઓને ઘેર્યા હતા. અથડામણમાં સેનાનો એક હવાલદાર શહીદ થયો હતો. બાંદીપોરા પોલીસે કાલે લશ્કર એ તૈયબાના ચાર ઓવર ગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે તેમને ઈન્ટેલ ઈનપુટ મળ્યા હતા કે લશ્કર એ તૈયબા સંલગ્ન કેટલાક ગ્રાઉન્ડ વર્કર પોલીસ અને બહારના લોકો પર હુમલો કરવાની ફિરાકમાં છે.

## વડોદરામાં પહલગામની ઘટનાના બાદ તંત્ર એલર્ટ

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

જમ્મૂ કશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા હિચકારો હુમલો કરવામાં આવતા ૨૬ નાગરિકોનાં મોત નિપજ્યાં હતા. દેશના તમામ મહત્વના રાજ્યો અને શહેરો માટે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા રેલ્વે સ્ટેશન ખાતે પણ પોલીસ દ્વારા સ્નીફર ડોગ સાથે રાખી ભીડભાડ વાળી જગ્યાઓ તેમજ ટ્રેનમાં સર-સામાનનું ચેકીંગ હાથ ધરાયુ હતું. જીઆરપી વડોદરા, સ્થાનિક પોલીસ, એસ.ઓ.જી સ્ટાફ, એનડી પીએસ ડોગ સાથે વડોદરા રેલ્વે સ્ટેશન પર ભીડભાડ વાળી જગ્યાઓ તેમજ ટ્રેનમાં સર-સામાનનું ચેકીંગ કરાયું હતું. વડોદરા રેલવે સ્ટેશન ખાતેથી પસાર થતી વિવિધ ટ્રેનોમાં મુસાફરી કરતા પેસેન્જરો, પ્લેટફોર્મ ઉપરથી અવર-જવર કરતા શકમંદ પેસેન્જરોના માલસામાનનું ઝીણવટ ભરી રીતે મેન્યુઅલી ચેકીંગ કરવામાં આવ્યું હતું.

## મોડાસામાં ગ્રાહકે આપેલી રૂ. ૨૦૦ની નોટ સ્વીકારતા જ વેપારી બેભાન

। (એજન્સી) મોડાસા, તા.૨૫ ।

રાજ્યમાં ચોરી, લૂંટ સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અરવલ્લીના મોડાસામાં ખમણના વેપારીને સાથે ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં ગ્રાહકે આપેલી રૂ.૨૦૦ની નોટ સ્વીકારતાની સાથે જ વેપારી બેભાન થઈ ગયો હતો. એટલીવારમાં ગઠિયો દુકાનમાં રહેલી રોકડ રકમ લઈને ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના મામલે વેપારીએ પોલીસમાં જાણ કરી હતી. ઘટનાને લઈને મોડાસા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મોડાસામાં ખમણના વેપારી પાસે એક વ્યક્તિ કારમાં આવીને રૂ.૨૦૦ની નોટ આપીને ખમણની માગ કરી હતી.

### ૮૬ કર્મીની વધારાની નિમણૂક

# AI ટેક્નોલોજીની મદદથી સરકારી જમીનો ખુલ્લી કરવાનો મહેસૂલ વિભાગનો નિર્ણય

### આ નિર્ણયના ભાગરૂપે રાજ્ય સરકાર અત્યાર સુધીમાં ૨૨ જિલ્લાના અંદાજે બે કરોડ ચોરસ મીટરથી વધુ જમીન દબાણમુક્ત કરી ચૂકી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યમાં દબાણમુક્ત અભિયાનને વધુ વેગ આપવા માટે ગુજરાત સરકારે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજીની મદદ લેવાનો નિર્ણય લીધો છે. રાજ્યના મહેસૂલ વિભાગે એક ઠરાવ જાહેર કરીને ૧૦ સૌથી વધુ દબાણગ્રસ્ત જિલ્લાઓમાં વર્ગ-૩ના ૮૬ કર્મચારીઓને તાત્કાલિક ભરતી કરવાના આદેશ આપ્યા છે. આ નિર્ણયના ભાગરૂપે રાજ્ય સરકાર અત્યાર સુધીમાં ૨૨ જિલ્લાના અંદાજે બે કરોડ ચોરસ મીટરથી વધુ જમીન દબાણમુક્ત કરી ચૂકી છે અને હવે આ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટu AI ટેક્નોલોજીનો સહારો લેવામાં આવશે.

મહેસૂલ વિભાગના જણાવ્યા અનુસાર, સરકાર અત્યાર સુધી સરકારી પડતર જમીન, ખરાબા અને ગૌચર જમીન પર થયેલા દબાણ સામે કડક કાર્યવાહી કરી રહી છે. નવી ભરતી અંતર્ગત, દબાણગ્રસ્ત ૧૦ જિલ્લામાં – કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, વડોદરા, બનાસકાંઠા, સુરત, રાજકોટ, મોરબી અને વધુ એક જિલ્લામાં – ૪૩ નાયબ મામલતદાર અને ૪૩ કારકુનની નિમણૂક કરવામાં આવશે. ઠરાવમાં જણાવાયું છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ મૂકતા અધિનિયમ – ૨૦૨૦ ની અસરકારક અમલવારી માટે આ તાત્કાલિક કામગીરી હાથ ધરાઈ છે. ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં આ જગ્યાઓ માટે મંજૂરી અપાઈ હોવાથી હવે તે અમલમાં મૂકવામાં આવી રહી છે. જમીન દબાણ સામેની કામગીરી માટે જાન્યુઆરી મહિનામાં રાજ્ય સરકારે ઈસરોની મદદથી AI આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વિશાળ ડ્રાઈવ શરૂ કરી હતી.





તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ

સ્પોર્ટસ એથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના યુવાનોને વિદ્યાર્થીઓને રમત ગમત તરફ વળે તે આશયથી ખેલ મહાકુંભ યોજવામાં આવે છે. ખેલ મહાકુંભ ૩.૦ રાજ્યકક્ષાની ટેનિસ ટુર્નામેન્ટની રમત ગુજરાત યુનિવર્સિટી ટેનિસ સેન્ટર અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અંડર ૧૭ વયજૂથમાં વિદ્યાર્થીનીઓ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પરિણામોમાં પ્રથમ ક્રમે ટેનિસની રમતમા અમદાવાદની પ્રાચી રાણાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. બીજા ક્રમે ઈરા દેશપાડેં અને ત્રીજા ક્રમે હિરવા રાંગાની વિજેતા થયા હતા. વિજેતા થયેલા ખેલાડીઓને રાજય સરકાર દ્વારા મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગની સ્વાયત્ત સંસ્થા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હાલમાં ખેલ મહાકુંભ ૩.૦ યોજાઇ રહ્યો છે.

## ઉનાળાની ઋતુમાં વડોદરા ખાતે કેરીના ગોદામ અને દુકાનોનું ચેકિંગ

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

ઉનાળાની ઋતુને અનુલક્ષીને પાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં છેલ્લા એક માસથી કેરીની વખારો, કેરીનાં રસના તંબુઓ, શેરડીના રસના કોલા, નોન પેકેજડ ડ્રીંકીંગ વોટર (પાણીના જગ)નાં વેચાણ કરતા યુનીટોમાં ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખોરાક શાખાનાં ફુડ સેફટી ઓફીસર દ્વારા વિવિધ વિસ્તારોમાં ૬૩ કેરીની વખારો, ૩૭ નોન પેકેજડ ડ્રીંકીંગ વોટર (પાણીના જગ)નાં ઉત્પાદકો, ૪૯ કેરીના રસના તંબુ, ૬૭ શેરડીના રસના કોલામાં ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેરીની વખારોમાં કેલ્શીયમ કાર્બાઇડ વાપરવા બાબતે ચેકીંગ કરી આશરે ૫૭૦ કિલો બગડેલા તેમજ કાપેલા ફળોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ઉનાળાની ઋતુને અનુલક્ષીને હાલમાં કેરી તેમજ અન્ય ફળોનું વધુ વેચાણ થતું હોય શહેર વિસ્તારનાં ખંડેરાવ માર્કેટ પાછળ, સીધ્ધનાથ ગેટ, વેરાઇ માતા ચોકમાં આવેલી વખારોમાં તેમજ જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાને લઇ કોર્પોરેશનનાં મ્યુનિસિપલ કમિશ્નર અરુણ મહેશ બાબુની સુચનાં મુજબ ડેઝીગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદાર ડો.મુકેશ વૈધ દ્વારા ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફીસરો દ્વારા બે ટીમો બનાવી આકસ્મીક ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેરી તથા અન્ય ફ્રુટ વેચતા વેપારી દ્વારા કેલ્શીયમ કાર્બાઇડનો આર્ટીફીશીયલ રાઇપનીંગ તરીકે ઉપયોગ બાબતે કુલ ૬૩ વખારોમાં આકસ્મીક ચેકીંગની કામગીરી હાથ ધરતા કેરી, મોસંબી, નારંગી, દાડમ, પપૈયુ, ચીકુ જેવા આશરે ૫૭૦ કિલો કાપેલા તેમજ બગડેલા ફળોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો છે.

### ૨૦ હજારનું નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

# દંતેશ્વરમાં અગાઉના ઝઘડાની અદાવતે મહિલાના પતિ પર તલવારથી હુમલો

### ઝઘડાની અદાવત રાખી ચાર જેટલા શખ્સોએ મહિલાના ઘરે માતાજીનો પ્રસંગ હોવા છતાં પરિવાર ઝઘડો કર્યો હતો

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં અગાઉ થયેલા ઝઘડા ની અદાવત રાખી ચાર જેટલા શખ્સોએ મહિલાના ઘરે માતાજીનો પ્રસંગ હોવા છતાં પરિવાર ઝઘડો કર્યો હતો.

જેમાં આ હુમલા કરો એ પથ્થર તથા તલવાર વડે મહિલાના પતિ પર હુમલો કર્યો હતો. તેમજ કારને પણ નુકસાન પહોંચાડ્યું હતું. તેથી મહિલાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં આવેલા અમર શ્રદ્ધા વુડાના મકાનમાં રહેતા લક્ષ્મિબેન ભરતસિંહ દરબારે ફરિયાદ નોંધાવી છે કે ૨૧ એપ્રિલના રોજ રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે અમારા ઘરે માતાજીનો પ્રસંગ હોવાથી ઘરે હાજર હતા.

તે વખતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ભીમ સોની ત્યા મેલડી માતાના મંદિર પાસે આવ્યો હતો અને દિકરા રોહનને જોરજોરથી બુમો પાડી તું બહાર નીકળ તેમ કહી ગમે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ મોટો પથ્થર લઈને મારા દિકરા રોહનને મારવા જત મારા પતિ વચ્ચે પડતા તેઓને આંખના નીચેના ભાગે ઈજા પહોંચાડી હતી. તેમજ ભીમ સોની સાથે આવેલ અન્ય બે ભાઈઓ કદમ સોની તથા વિજય સોની ગમે તેમ ગાળા ગાળી કરી ભીમ સોનીનો કાકાનો દિકરો મિનય સોનીએ તલવાર વડે મારા પતિ પર હુમલો કર્યો હતો.

ઉપરાંત આજે તો તમને જીવતા છોડીશું નહી તેવી ધમકી આપી હતી. ત્યારબાદ કારના તલવાર વડે કાચ તેમજ પડખા ઉપર બે-ત્રણ ધા મારી આશરે રૂ.૨૦ હજારનું નુકસાન કરી અમારા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મકરપુરા પોલીસે હુમલાખોર ચારને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## મૃતકોની આત્માની શાંતિ માટે સોમનાથ મંદિરમાં પૂજા-શાંતિ પાઠ કરાયા

। (એજન્સી) સોમનાથ, તા.૨૫ ।

જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા નિર્દયતા પૂર્વકના આતંકી હુમલામાં યાત્રીઓના નિધનના સમાચાર સમગ્ર રાષ્ટ્ર અને માનવ સમાજ માટે ખૂબ જ દુઃખદાયક છે. આ હદયવિદારક ઘટનામાં મૃત્યુ પામેલા મુસાફરોની આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના આત્માની શાંતિ માટે આજે સોમનાથ મહાદેવના પવિત્ર મંદિર ખાતે શાંતિપાઠ અને મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા મૃતકોની આત્માને શાંતિ માટે સંકલ્પ લઈને પૂજા સામગ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં અર્પણ કરાઈ હતી. આ સામગ્રી દ્વારા પૂજારીશ્રીઓ દ્વારા સોમનાથ મહાદેવની મહાપૂજા કરવામાં આવી હતી અને દુઃખી પરિવારોને આ કપરી પરિસ્થિતિમાં ઈશ્વર સહનશક્તિ આપે તેવી પ્રાર્થના સાથે ટ્રસ્ટના પૂજારીશ્રી તેમજ સ્થાનિક તીર્થ પુરોહિતો દ્વારા શાંતિપાઠ કરવામાં આવ્યા હતા.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે ત્રણ આફ્રિકન પેંગ્વિનના જન્મની ઉજવણી કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતસાયન્સસિટીખાતેઆજેવિશ્વપેંગ્વિનદિવસનીઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. સાયન્સ સિટી ખાતે ત્રણ આફ્રિકન પેંગ્વિનનું સફળ સંવર્ધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનાં અગ્ર સચિવ સુશ્રી મોના ખંધાર પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ખાસ દિવસે ત્રણ આફ્રિકન નવજાત પેંગ્વિનનું નામકરણ પણ કરવામાં આવ્યું અને તેમના નામ બાલુ, ડેઈઝી અને કીઆરા જાહેર કરવામાં આવ્યાં હતાં. આફ્રિકન પેંગ્વિન નામિબિયા અને દક્ષિણ આફ્રિકાના દરિયા કિનારાઓનું વતની છે. હાલમાં આ પેંગ્વિન IUCN દ્વારા લુપ્તપ્રાય તરીકે સૂચિબદ્ધ છે. યોગ્ય જગ્યા, માછીમારી અને આબોહવા પરિવર્તનને કારણે આ પેંગ્વિનની સંખ્યામાં ૯૭%થી વધુનો ઘટાડો થયો છે. હાલમાં દરિયાકિનારે ૧૯,૮૦૦થી ઓછા પેંગ્વિન બચ્યાં છે, સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીઓમાં બચ્ચાંઓનો જન્મ આ પ્રજાતિના સંરક્ષણ પ્રત્યેની જાગૃતતા સૂચવે છે. આ પ્રસંગે અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે જણાવ્યું હતું કે, સાયન્સ સિટીમાં



પેંગ્વિનનાં ત્રણ બચ્ચાંઓનો જન્મ એ ગૌરવની વાત છે. આ આપણા પર્યાવરણ જાગૃતિ અને પ્રાણી કલ્યાણ તરફી પ્રતિબદ્ધતાનું પરિણામ છે. બાલુ, ડેઈઝી અને કીઆરાને મળવા આપ સૌને સાયન્સ સિટી આમંત્રિત કરીએ છીએ, તેઓ જળ જીવનના સાચા દૂત છે. હાલમાં સાયન્સ સિટીના એક્વેટિક ગેલેરી ખાતે પેંગ્વિન ગેલેરીમાં આ ત્રણ નવા પેંગ્વિનને રાખવામાં આવ્યા છે, જેથી મુલાકાતીઓ નાનકડા પેંગ્વિન બચ્ચાંઓને નજીકથી નિહાળી શકે.

## ઘોઘાના વાળુકડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિર અને નિઃશુલ્ક એક્સ-રે કેમ્પ યોજાયો

। (માહિતી) દાહોદ, તા.૨૫ ।

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ઉદય તિલાવત તથા જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ.આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.એ.આર.ડાભીના દિશા સૂચન હેઠળ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસના અનુસંધાને ગરબાડા તાલુકામાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન ગરબાડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી અશોકભાઈ રાઠોડ અને પાંચવાડા Phc મેડિકલ ઓફિસરશ્રી ડૉ. બક્ષિસ ડામોર તથા આર.બી.એસ.કે. ટીમના ડૉ. હરેશ પરમાર દ્વારા લીલી ઝંડી આપી રેલીને લીલી ઝંડી આપવામાં આવી




હતી. જેમા તાલુકા ટી.બી. સુપરવાઈઝર, એમ.પી.એચ.ડબલ્યુ., એફ.એચ.ડબલ્યુ. તથા આશા બહેનો જોડાઈ હતી. આ નિમિતે ટીબી રોગને નાબુદ કરવા સાથે લોકોમાં જાગૃતિ આવે તે માટે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. એ સાથે લોકોને પત્રિકા વિતરણ કરી ટીબી રોગ અંગે પ્રચાર -પ્રસાર કરવામાં આવ્યો હતો.

**વિશેષ** | આયોજન મંડળની બેઠકમાં જિલ્લાના રૂ.૧૦૯૯.૮૧ લાખના ૬૯૫ વિકાસ કામોને બહાલી અપાઇ

# આણંદ ખાતે જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ





। (માહિતી) આણંદ ।

આણંદ સર્કિટ હાઉસ ખાતે આણંદ જિલ્લા પ્રભારીમંત્રીશ્રી તેમજ રાજ્યના આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી.

પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે ગત વર્ષોના બાકી કામો તથા નવા આયોજનના કામોને સમયમર્યાદામાં ગુણવત્તાયુકત તેમજ સ્થાનિક પદાધિકારીઓ તથા ધારાસભ્યશ્રી ઓ સાથે સંકલન સાધીને પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના મંજૂર થયેલા, શરૂ ન થયેલા અને પ્રગતિ હેઠળના તમામ કામોની મંત્રી શ્રી એ વિસ્તૃત સમીક્ષા કરી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬ના દરખાસ્તમાં મુકાયેલી જિલ્લા આયોજન મંડળની જોગવાઈના કુલ રૂ.૧૦૯૯.૮૧ લાખના કુલ-૬૯૫ વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. પ્રભારી મંત્રીશ્રીએ આ કામો અંગે વર્તમાન સ્થિતિ જાણી કામો ત્વરીત પૂર્ણ કરવા સૂચના આપી હતી. પ્રગતિ હેઠળના કામો ઝડપભેર પૂર્ણ કરવા જરૂરી સૂચના આપી હતી.

આ વિકાસ કામો અંગે જિલ્લા આયોજન અધિકારી શ્રી ડો. મિલન શુક્લા એ વિસ્તૃત માહિતી પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. જેમાં ૧૫ ટકા વિવેકાધીન તેમજ ૫ ટકા પ્રોત્સાહક હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં મળનાર ગ્રાન્ટ માટે જિલ્લાની તમામ તાલુકા આયોજન સમિતિઓ તથા નગરપાલિકા આયોજન સમિતિ દ્વારા દરખાસ્તો રજૂ થયેલ હતી. જિલ્લા આયોજન મંડળની બેઠકમાં રૂા.૧૦૯૯.૮૧ લાખના કુલ-૬૯૫ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, ધારાસભ્યો સવશ્રી યોગેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, ગોવિંદભાઈ પરમાર, ચિરાગભાઈ પટેલ અને અમિતભાઈ ચાવડા, કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, નિવાસી અધિક કલેક્ટરશ્રી ઋતુરાજ દેસાઈ, પેટલાદના મદદનીશ કલેક્ટરશ્રી હિરેન બારોટ પ્રાંત અધિકારીશ્રીઓ, સબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### મિલમાં આગને પગલે શ્વાસ રૂંધાતા પાંચ શ્રમિકોના મોત



। (એજન્સી) બહરાઈચ, તા.૨૫ ।

ઉત્તરપ્રદેશના બહરાઈચ જિલ્લાથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. અહીં એક ચોખાની મિલમાં સવારે ભીષણ આગ લાગી જતાં અફરા તફરી સર્જાઈ હતી. જોકે આગના કારણે ભયંકર ધૂમાડો ઊઠતાં ગુંગળામણને લીધે શ્વાસ રુંધાતા પાંચ શ્રમિકો મૃત્યુ પામી ગયાના અહેવાલ સામે આવ્યા છે. જોકે આગને કારણે દાઝી જતાં અન્ય ત્રણ શ્રમિકો ઘાયલ થયાની માહિતી મળી રહી છે. માહિતી અનુસાર તમામ શ્રમિકો આગ ઓલવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા જોકે તેઓ આગની લપેટમાં આવી ગયા હતા. હાલમાં ઘાયલોને લખનઉના ટ્રોમા સેન્ટર ખાતે રિફર કરાયા છે. ડીએમ મોનિકા રાનીએ મેડિકલ કોલેજ પહોંચીને ઈજાગ્રસ્તોના ખબર અંતર પૂછ્યા હતા. આગ કયા કારણોસર લાગી હતી તે હજુ સુધી જાણી શકાયું નથી. ઉલ્લેખનીય છે કે દરગાહમાં રાજગઢિયા રાઈસ મિલ આવેલી છે. આ મિલમાં સવારે આગની ઘટના બની હતી. પહેલા આગ ઉપરના ભાગમાં લાગી હતી પછી સમયાંતરે તેણે મિલને લપેટમાં લઈ લીધી હતી. જેના કારણે ધૂમાડો વધી જતાં ગુંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી જેની લપેટમાં મિલમાં કામ કરતા શ્રમિકો આવી ગયા હતા.

### છત્તીસગઢ-તેલંગણા સરહદે ત્રણ મહિલા નકસલી ઠાર



। (એજન્સી) રાયપુર, તા.૨૫ ।

છત્તીસગઢ-તેલંગણા સરહદે સુરક્ષા દળો સાથેના એન્કાઉન્ટરમાં ત્રણ મહિલા નકસલવાદીઓના મોત થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે બસ્તર ક્ષેત્રમાં માઓવાદી વિરુદ્ધના મેગા ઓપરેશનમાં ૧૦,૦૦૦ વધુ જવાનો જોડાયા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે છત્તીસગઢના બિજાપુર જિલ્લાની બાજુમાં આવેલા પાડોશી રાજ્ય તેલંગણાની સરહદ પર નકસલી પ્રવૃત્તિઓની માહિતી મળ્યા પછી સુરક્ષા દળોની સંયુક્ત ટીમને નકસલ વિરોધી અભિયાન માટે મોકલવામાં આવી હતી. જ્યારે ટીમ બંને રાજ્યોના સરહદી વિસ્તાર કરેગુટ્ટાના પવર્તીય ક્ષેત્રમાં હતી ત્યારે સુરક્ષાદળો અને નકસલી દળો વચ્ચે થયેલી અથડામણમાં યુનિફોર્મ પહેરેલ ત્રણ નકસલવાદી મહિલાઓના મોત થયા હતાં.

### ગર્લફ્રેન્ડ પર ચાકુથી હુમલો, પેટ્રોલ છાંટી લગાવી આગ



। (એજન્સી) રૂરકી, તા.૨૫ ।

ઉત્તરાખંડના રૂરકી જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક પ્રેમ કહાની અચાનક ભયાનક કહાનીમાં ફેરવાઈ ગઈ છે. અહીં એક યુવકે પહેલા તેની પ્રેમિકા પર ચાકુથી હુમલો કર્યો. આ પછી, તેણે તેના પર પેટ્રોલ રેડ્યું અને આગ લગાવી દીધી. આ પછી યુવકે ગળામાં છરી મારીને પોતાની જાતને આગ ચાંપી દીધી હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ ઘાયલ યુવક અને યુવતીને જિલ્લાની સરકારી હોસ્પિટલમાં લઈ ગઈ અને કેસની તપાસ શરૂ કરી. પ્રાથમિક સારવાર બાદ બંનેને ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા છે. આ મામલો રૂરકીના બુગ્ગાવાલા પોલીસ સ્ટેશન વિસ્તારના બુધવા શહીદ વિસ્તારનો છે. ઈજાગ્રસ્ત યુવતીએ હોસ્પિટલમાં પોલીસને જણાવ્યું કે આરોપી યુવક સાથે છેલ્લા ૧૦ વર્ષથી પ્રેમ સંબંધમાં હતી. બંને લગ્ન માટે તૈયાર હતા. આ અંગે બંનેએ તેમના પરિવારજનોને જણાવ્યું હતું. યુવતીનો પરિવાર લગ્ન માટે તૈયાર હતો. પરંતુ યુવકના પરિવારે લગ્નની ના પાડી દીધી હતી.





જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શ્રીનગરની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેમણે હુમલાના પીડિતો સાથે મુલાકાત કરી હતી.

### સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારનું સોગંદનામું

# વક્ફ બાય યુઝરને નોંધણીના આધારે જ માન્યતા મળે

**સુપ્રીમ કોર્ટમાં દલીલ થઈ હતી કે, વક્ફ બાય યુઝરને રજિસ્ટર્ડ કરવાની સરકારની જોગવાઈ યોગ્ય નથી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા વક્ફ સંશોધન એક્ટ કેસ પર આજે કેન્દ્ર સરકારે સોગંદનામું રજૂ કર્યું છે. આ સોગંદનામામાં કેન્દ્ર સરકારે કાયદાને યોગ્ય ઠેરવતાં સુપ્રીમ કોર્ટના તમામ સવાલોના જવાબ આપ્યા છે. સુપ્રીમ કોર્ટને કેન્દ્ર સરકારે કહ્યું કે, છેલ્લા ૧૦૦ વર્ષથી વક્ફ બાય યુઝરને માત્ર રજિસ્ટ્રેશનના આધારે માન્યતા આપવામાં આવતી હતી, મૌખિક રૂપે નહીં.નોંધનીય છે કે, વક્ફ સંશોધન કાયદાનો વિરોધ કરતાં સુપ્રીમ કોર્ટમાં દલીલ થઈ હતી કે, વક્ફ બાય યુઝરને રજિસ્ટર્ડ કરવાની સરકારની જોગવાઈ યોગ્ય નથી. સરકાર કેવી રીતે આટલી બધી સંપત્તિ રજિસ્ટર્ડ કરશે? જેનો જવાબ આપતાં સરકારને કહ્યું કે, છેલ્લા ૧૦૦ વર્ષથી વક્ફ બાય યુઝરને માત્ર રજિસ્ટ્રેશનના આધારે જ માન્યતા આપવામાં આવતી હતી. મૌખિક રૂપે નહીં. તેથી તેમાં કોઈ અડચણ આવશે નહીં. કેન્દ્ર સરકારે સોગંદનામામાં



જણાવ્યું હતું કે, વક્ફ મુસલમાનોની ધાર્મિક સંસ્થા નથી, પરંતુ કાનૂની સંસ્થા છે. વક્ફ સંશોધન કાયદા અનુસાર, મુતવલ્લીની કામગીરી ધર્મનિરપેક્ષ હોય છે, ધાર્મિક નહીં. આ કાયદો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની લાગણી દર્શાવે છે. તેમણે તેને બહુમત સાથે મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે કોર્ટમાં વક્ફ કાયદા મુદ્દે સોગંદનામું દાખલ કર્યું છે. જેમાં જણાવ્યું હતું કે, સંસદ દ્વારા પસાર કાયદો બંધારણીય રૂપે કાયદેસર ગણાય છે. વિશેષ રૂપે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ની ભલામણો અને સંસદમાં લાંબી ગહન ચર્ચા બાદ તેને મંજૂરી મળી છે. કેન્દ્રે વક્ફ સંશોધન અધિનિયમ ૨૦૨૫ને પડકારતી અરજીઓને રદ કરવાની માગ કરી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, સુપ્રીમ કોર્ટ કોઈપણ કાયદાની જોગવાઈ પર વચગાળાનો પ્રતિબંધ મૂકી શકે નહીં. ન્યાયિક સમીક્ષા કરતાં સંપૂર્ણ કાયદા પર પ્રતિબંધ લાદી શકે છે. પરંતુ આ કાયદો અમે સંપૂર્ણ બહુમતી અને ઘણા લોકોની સહમતિ સાથે બનાવ્યો છે. વક્ફ એ કોઈ ધાર્મિક સંસ્થા નથી. તે કાનૂની સંસ્થા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને અરજી કરી છે કે, તે કાયદાની કોઈપણ જોગવાઈઓ પર વચગાળાનો પ્રતિબંધ લાદે નહીં. આ સંશોધિત કાયદાથી કોઈપણ વ્યક્તિના વક્ફ બનાવવાના ધાર્મિક અધિકારમાં કોઈ હસ્તક્ષેપ નહીં થાય. માત્ર મેનેજમેન્ટ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ બિલ પસાર કરતાં પહેલાં જેપીસીની ૩૬ બેઠકો થઈ હતી.

### પહલગામ આતંકવાદી હુમલો

# ટ્રમ્પ બાદ ૧૦થી વધુ દેશોના પ્રમુખોએ મોદી સાથે કરી ટેલિફોનિક વાતચીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ ભારતીયોના મૃત્યુ થયા છે. આ હુમલા બાદથી સમગ્ર દેશમાં રોષ ભભૂકી રહ્યો છે અને દરેક વ્યક્તિ ભારત સરકાર કોઈ મોટી કાર્યવાહી કરે તેની રાહ જોઈ રહ્યા છે. દેશ ઉપરાંત વિશ્વભરના દેશોમાં આ અંગે ગુસ્સો છે. દરમિયાન ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે 'બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય ધરતી પર થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેમણે ભારતના લોકો અને પીડિતોના પરિવારો સાથે એકતા વ્યક્ત કરી હતી અને ન્યાયના કઠેડામાં લાવવા માટે ભારતના દૃઢ નિશ્ચયનો પુનરોચ્ચાર કર્યો.' વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'જોર્ડનના રાજા અબ્દુલ્લાએ પણ પીએમ મોદીને ફોન કરીને આ ભયાનક આતંકી હુમલાની નિંદા કરી હતી. તેમણે નિર્દોષ લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી



હતી. આતંકવાદને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં નકારી કાઢવો જોઈએ અને તેનું કોઈ સમર્થન ન હોઈ શકે. પ્રધાનમંત્રીએ રાજા અબ્દુલ્લા(દ્વિતીય)નો તેમના એકતાના સંદેશ બદલ આભાર માન્યો અને આ જઘન્ય હુમલા પાછળના ગુનેગારો અને લોકો સામે કડક કાર્યવાહી કરવા માટે ભારતના લોકોની લાગણીઓ વ્યક્ત કરી હતી.' ઉલ્લેખનીય છે કે, આ પહેલા મોરેશિયસના વડાપ્રધાન ડૉ. નવીમ રામગોલમ, અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીસ, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પીએમ નરેન્દ્ર મોદીને ફોન કરીને આ હુમલામાં માર્યા ગયેલા લોકો અને તેમના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.



નવી દિલ્હીમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

# ૨૧મા માળે ઊભેલી મહિલાના હાથમાંથી બાળક છટકતા મોત

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરાર વિસ્તારમાં એક એવા સમાચાર સામે આવ્યા છે, જેને સાંભળીને દરેકના રુવાંડા ઉભા થઈ જશે. પોલીસે શુક્રવારે આ માહિતી આપતાં કહ્યું હતું કે, અહીંની એક રહેણાંક બિલ્ડિંગના ૨૧મા માળે ઉભેલી એક મહિલાના હાથમાંથી ૭ મહિનાનું બાળક છટકી જતા નીચે પડ્યું હતું. જેથી માસૂમ બાળકનું દર્દનાક મોત થયું હતું. એક અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના બોલિંગ ટાઉનશીપમાં બની હતી. હકીકત એવી છે કે, માતા તેના બાળકને



પોતાના હાથમાં પકડીને ઉભી હતી અને તે સમયે ખુલ્લી બારી પાસેનો દરવાજો બંધ કરી રહી હતી, ત્યારે અચાનક બાળક તેના હાથમાંથી છટકી ગયું હતું. અધિકારીએ જણાવ્યું કે, એ પછી તાત્કાલિક બાળકને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું, પરંતુ ત્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યું હતું. હાલમાં આ અંગે આકસ્મિક મૃત્યુનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

### ભારતની કાર્યવાહીથી પાકિસ્તાનમાં ફફડાટ

# આર્મી ચીફ અસીર મુનીરે પોતાના પરિવારને વિદેશ ભગાડી દીધો

**પાક.ની સેનાના અધિકારીઓએ તેમના પરિવારોને બ્રિટન-ન્યુ જર્સી મોકલી દીધા હોવાના અહેવાલ**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૫ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતની કાર્યવાહીથી પાકિસ્તાની સેના ગભરાઈ ગઈ છે. પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે પરિવારને વિદેશ મોકલી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન આર્મીના ઘણા અધિકારીઓએ પોતાના પરિવારોને ખાનગી વિમાન દ્વારા બ્રિટન અને ન્યુ જર્સી મોકલ્યા છે. પહલગામ આતંકવાદી હુમલાના ૪૮ કલાકની અંદર, ભારતે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) યુદ્ધ જહાજ INS સુરતથી મિસાઈલ પરીક્ષણ કર્યું હતું, જેનાથી અરબી સમુદ્રમાં દુશ્મનોને કડક સંદેશ મળ્યો છે. આ દરમિયાન, ભારતીય નૌકાદળના યુદ્ધજહાજે મિસાઈલ વડે સમુદ્રમાં એક લક્ષ્યને નષ્ટ કર્યું હતું. જ્યારે પાકિસ્તાને અરબી સમુદ્રમાં ગોળીબાર કવાયત શરૂ કરી, ત્યારે જવાબમાં ભારતીય નૌકાદળે વિમાનવાહક જહાજ INS વિક્રાંતને



સમુદ્રમાં ઉતાર્યું હતું. INS વિક્રાંત પર MiG-29K ફાઈટર જેટ અને એટેક હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. આ દરમિયાન, ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી શુક્રવાર (૨૫ એપ્રિલ, ૨૦૨૫) ના રોજ પહલગામ હુમલાને પગલે પરિસ્થિતિની સમીક્ષા કરવા શ્રીનગર પહોંચ્યા હતા. આ દરમિયાન આર્મી નોર્ધન કમાન્ડના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એમવી સુચિન્દ્ર કુમાર પણ આર્મી ચીફ સાથે હતા. પહલગામ આતંકવાદી હુમલા બાદ, આખો દેશ આતંકવાદના આશ્રયદાતા પાકિસ્તાન સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યો છે. ભારતના તમામ રાજકીય પક્ષો પણ આ મુદ્દે કેન્દ્ર સરકારની સાથે છે. પાકિસ્તાન સામે કાર્યવાહી કરતા, કેન્દ્ર સરકારે પાડોશી દેશ સાથેની સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી છે. અટારી બોર્ડર પરથી અવરજવર બંધ કરી દેવામાં આવી છે. પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવામાં આવ્યા છે અને તેમને ૪૮ કલાકની અંદર દેશ છોડી દેવાનું કહેવામાં આવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને ફોન કરીને ભારત છોડવાની સમયમર્યાદા પૂર્ણ થયા પછી પણ કોઈ પાકિસ્તાની દેશમાં ન રહે તેની ખાતરી કરવા જણાવ્યું હતું. ભારતે પહેલગામ હુમલા સાથે સરહદ પારના સંબંધોને કારણે પાકિસ્તાની નાગરિકો માટે તાત્કાલિક અસરથી વિઝા સેવાઓ સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

### સાસુ-જમાઈની લવ સ્ટોરીમાં મોટો ખુલાસો

# બંનેએ લગ્ન કરી ગુજરાતમાં રહેવા આવી ગયા, સાસુ બની દુલ્હન

। (એજન્સી) અલીગઢ, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના અલીગઢમાં જમાઈ-સાસુની લવ સ્ટોરી થોડા દિવસ પહેલા ખૂબ ચર્ચામાં આવી હતી. એક કળિયુગી માએ જે રીતે પોતાની દીકરીના થનારા વરરાજાને છીનવી લીધો અને જમાઈ સાથે ભાગી ગઈ હતી, તેને જાણીને સૌ કોઈ ચોંકી ગયા હતા. ૧૦ દિવસ બાદ પોલીસે તેમને પકડી લીધા અને પૂછપરછ કરી તો કેટલાય ચોંકાવનારા ખુલાસા થયા. આખરે પોલીસે સાસુ-જમાઈની જોડીને છોડી મૂક્યા. ત્યાર બાદ પરિવારના લોકોએ પણ બંનેને સ્વીકારવાની ના પાડી દીધી હતી અને ઘરમાં ઘૂસવા નહોતા દીધા. ત્યાર બાદ કેટલાય દિવસ સુધી બંનેને કોઈ પત્તો નહોતો. પણ હવે જમાઈ અને તેની નવી દુલ્હનનું ઠેકાણું સામે આવ્યું છે. આ બંને ગુજરાતમાં રહેવા લાગ્યા છે. મડરાકના મનોહરપુર કાયસ્થના જિતેન્દ્રે પોતાની દીકરીના લગ્ન દાદોના મછરિયા ગામના રાહુલ સાથે નક્કી કર્યા હતા. ૧૬ એપ્રિલના રોજ જાન આવવાની હતી. આ અગાઉ જિતેન્દ્રની પત્ની સપના ઉર્ફ અનીતા ઉર્ફ અપના દેવી જમાઈ પર ફિદા થઈ ગઈ. બંને ૬ એપ્રિલના રોજ ઘરેથી ભાગી ગયા.



૧૦ દિવસ બાદ પોલીસમાં જઈને બંનેએ સરેન્ડર કરી દીધું. પરિવાર પરામર્શ કેન્દ્રમાં થયેલી કાઉન્સેલિંગ બાદ મહિલા રાહુલ સાથે જવાની જીદે ચડી. સાસુએ જણાવ્યું કે, જિતેન્દ્ર તેને મારતો હતો. સાથે જ બંનેને લગ્નની વાત પણ સામે આવી છે. ત્યાર બાદ પોલીસે તેમને મુક્ત કરી દીધા હતા. પોલીસમાંથી મુક્ત થયા બાદ રાહુલ ઘરે પહોંચ્યા, જ્યાં ગામના લોકો અને પિતાએ તેમને કાઢી મૂક્યા. ત્યાર બાદ બંને અનીતાના પિયરમાં પહોંચ્યા, ત્યાં પણ કોઈએ રાખ્યા નહીં. ત્યાર બાદ બંને ગુજરાતમાં આવી ગયા. કહેવાય છે કે, દાદો વિસ્તારના ગામ નગલા મછરિયાના રહેવાસી રાહુલ પહેલાથી ગુજરાતમાં કામ કરતો હતો. હવે ગુજરાતમાં આવીને સાસુ-જમાઈએ નવું જીવન શરૂ કર્યું છે. આ બાજુ યુવકને તેના પિતાએ સંપત્તિમાંથી બેદખલ કરી દીધો છે. તેમણે કહ્યું કે, ‘‘આ સંબંધ મને માન્ય નથી.

## તંત્રી લેખ...

# રાજસ્થાને સરહદો પર હાઈ એલર્ટ જાહેર કર્યો

પહેલગામ હુમલાએ સમગ્ર દેશને અને વિદેશોને પણ આંચકો આપી દીધો છે. વિશેષતઃ પાકિસ્તાનની સરહદને સ્પર્શતાં રાજ્યો, સાવચેત થઈ ગયાં છે. તેમાં રાજસ્થાને પાકિસ્તાન સાથેની સરહદની સુરક્ષા મજબૂત કરવા માંડી છે. રાજ્યના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સમગ્ર રાજ્યમાં વિશેષતઃ આંતરરાષ્ટ્રીય સરહદને સ્પર્શીને રહેલા જિલ્લાઓમાં, ઉચ્ચ સ્તરીય સતર્કતા અને કડક નજર રાખવા એસ.આર.પી. પોલીસ અને હોમગાર્ડઝને તથા નાગરિક પ્રશાસનના અધિકારીઓ તથા કર્મચારીઓને સતર્ક રહેવા જણાવી દીધું છે. પોલીસ અધીક્ષકો સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા રાજ્યમાં સલામતી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આટલું જ નહી પરંતુ સરકારી કર્મચારીઓને, પાકિસ્તાનની સરહદ પાસેના જિલ્લાઓમાં રહેતા નાગરિકોને પણ સતર્ક રહેવાનું કહેવા આદેશ આપી દીધો છે. આ સાથે તેઓને તેમ પણ કહેવામાં આવ્યું છે કે તમોને જરા પણ શંકાસ્પદ લાગે તેવી નાનામાં નાની ઘટનાની ઉપેક્ષા ન કરતા તુર્ત જ સીમા પર તૈનાત સલામતી દળોને માહિતી આપી દેજો. વિશેષતઃ રાજ્યભરમાં કાનૂન વ્યવસ્થા જાળવવા માટે ગૃહ વિભાગ દ્વારા આપેલાં સૂચનોને બરોબર અનુસરશો. ભજનલાલે વિડીયો કોન્ફરન્સમાં એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (એડીજી) રેન્જ પ્રભારી તથા ડી.એસ.પી. સર્વેને એકબીજા સાથે સતત સંપર્કમાં રહેવા પણ જણાવી દીધું છે. સાથે હોટેલો, ધર્મશાળાઓ, સાર્વજનિક સ્થાનો, તથા ભીડવાળા વિસ્તારોમાં સતત નજર રાખવા સલામતી દળોને સૂચના અપાઈ છે. સાથે શંકાશીલ લાગતી કોઈપણ વ્યક્તિ ઉપર કડક નજર રાખવા કહી દીધું છે. સલામતી બંદોબસ્ત એવો સખત રાખો કે જનસામાન્ય હિંમતમાં રહે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## મુનિ શ્રેષ્ઠ પરશુરામ

આપણાં હિન્દુ શાસ્ત્રોમાં પરશુરામનો મહિમા તથા તેમની યશગાથાઓ ખુબ મોટા પાયે નિરૂપાયેલી છે. પરશુરામજી બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. એમના પિતા પણ તેજસ્વી અને પ્રતાપી હતા. એમના પિતાજીનું નામ જમદગ્નિ તથા માતાનું નામ રેણુકાદેવી હતું. પરશુરામજી મહાપ્રતાપી અને ભડવીર યોધ્ધા અને લડવૈયા હતા. પરશુરામજી બાળપણથી જ તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત હતા તથા મહા ધનુર્ધર હતા. પરશુરામનું મૂળ નામ ભાર્ગવ હતું, પરંતુ તેઓ હંમેશા પોતાના ખભા ઊપર પરશુ (એક પ્રકારનું કુહાડી જેવું હથિયાર) પોતાની સાથે રાખતા હતા તેથી તેઓ પરશુરામ તરીકે ઓળખાવા લાગ્યા. મોટાભાગની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં તેમના તથા તેમના પિતાનાં નામ ઉપરથી જમદગ્નિ, પરશુરામ, ભાર્ગવ જેવા ગોત્ર પણ જોવાં મળે છે.

પરશુરામ બહું ક્રોધી અને ઉગ્ર સ્વભાવ ધરાવતા હતા. એક વખત પરશુરામજી પોતાના પિતાશ્રી માટે વનમાં ફળફળાદી લેવા માટે ગયા હતા અને તે વખતે કોઈ ક્ષત્રિય વંશના રાજાએ આશ્રમમાં તોડફોડ કરી ધ્યાનમગ્ન જમદગ્નિ ઋષિના ગળામાં મરેલો સાપ નાંખ્યો હતો. પરશુરામજીએ આશ્રમમાં પાછા આવીને સઘળી હકીકત જાણી લીધી અને તાત્કાલિક દૃઢ પ્રતિજ્ઞા કરી કે, હું પરશુરામ મારા પિતાશ્રીની સામે અને ઈશ્વરનાં સોગંદ ખાઈને પ્રતિજ્ઞા કરૂં છું કે, હું આ પૃથ્વી ઉપરથી ક્ષત્રિય વંશનું નિકંદન કાઢીને જ જંપીશ. આમ પરશુરામજીએ આકરૂં પ્રણ લઈ એમણે પૃથ્વીને ૨૧ વખત નક્ષત્રી (મતલબ કે ક્ષત્રિયોની વસ્તી વગરની) કરી નાંખી હતી. પરશુરામજીનો ઉલ્લેખ રામાયણ તેમજ મહાભારતમાં પણ જોવા મળે છે. જ્યારે સીતાજીના સ્વયંવરમાં શ્રી રામચંદ્રજીએ શિવજીનું ધનુષ્ય તોડી નાંખ્યું હતું ત્યારે પરશુરામ અતિ ક્રોધિત થઈ શ્રી રામ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા હતા, પરંતુ પ્રભુ શ્રી રામે પોતાની અતિ વિનમ્રતા અને ગરિમા દેખાડતાં કહ્યું કે મુનિ શ્રેષ્ઠ હું તો કેવળ રામ છું, પરંતુ આપ તો પરશુરામ છો, આપ મારા કરતાં તમામ પ્રકારના અસ્ત્ર શસ્ત્રમાં પારંગત છો, આપની સામે હું તુચ્છ મગતરા સમાન છું. આપ મારાં કરતાં વધારે જ્ઞાની અને દક્ષ છો. આપ બળ તથા બુદ્ધિમાં પણ મારા કરતાં ઘણાં વિશિષ્ટ છો. આપ મારા વડીલ તથા પિતાતુલ્ય છો. મારો અપરાધ ક્ષમ્ય ગણી મને માફ કરી દો. શ્રી રામની શાબ્દિક અને તાર્કિક દલીલો સાંભળીને પરશુરામજીનો ક્રોધ ઓગળી ગયો અને શ્રી રામ તથા સીતાજીને સુખી થવાના આશીર્વાદ આપ્યાં. મહાભારતમાં પણ સૂતપુત્ર કર્ણ પોતે બ્રાહ્મણ છે એમ ખોટું બોલીને પરશુરામ પાસેથી તમામ પ્રકારની દિવ્ય વિદ્યાઓ શીખ્યો, પરંતુ જૂઠાંણું ઝાઝું ટકતું નથી એ ન્યાયે પરશુરામજીને ખબર પડી કે કર્ણ બ્રાહ્મણ નહીં પરંતુ ક્ષત્રિય છે, આથી ક્રોધે ભરાઈને કર્ણને શાપ આપ્યો કે તેં ખોટું બોલીને મારી પાસેથી દિવ્ય વિદ્યાઓ પ્રાપ્ત કરી છે, પરંતુ ખરાં સમયે જ તને આ શક્તિઓ કામ નહીં લાગે. પરશુરામજીના આવા શાપને કારણે મહાભારતના અર્જુન સાથેનાં પરાકાષ્ઠાના યુદ્ધમાં કર્ણ પરશુરામજી પાસેથી શીખેલી વિદ્યા ભુલી ગયો અને છેવટે અર્જુનનાં બાણોથી હણાયો હતો.

પરશુરામજી પોતાના પિતાશ્રીની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કર્તા હતાં. એક વખત પોતાના પિતાજીની આજ્ઞાથી એમણે એમની માતા રેણુકાદેવીનો શિરચ્છેદ કર્યો હતો અને ત્યાર પછી પોતાના તપોબળ વડે માતાને પુનઃ જીવિત કર્યા હતા.એક વેળા ગણપતિ સાથેના મહાયુદ્ધમાં પરશુરામજીએ પરશુનો છૂટો ઘા કર્યો હતો અને તે પરશુ વડે ગણપતિજીનો ડાબો દંતશૂળ ખંડિત થઈ ગયો. આ બનાવ પછી ગણપતિ એકદંત તરીકે ઓળખાવા લાગ્યા હતાં. રામાયણ, મહાભારત તેમજ વેદો પુરાણોમાં પરશુરામજીની ઘણી નાની મોટી વાર્તાઓનો ઉલ્લેખ થયેલો છે, પરંતુ બધીજ ગાથાઓને આ લેખમાં સમાવવી શક્ય નથી.

પરશુરામ અન્ય મુનિઓ કરતાં સાવ અલગ જ વિચારશરણી અને વ્યક્તિત્વ ધરાવતા ઉત્તમ કોટિના આદરણીય મહાપુરુષ હતાં અને એથીજ તેઓ મુનિ શ્રેષ્ઠ એવી પદવી પામ્યા હતાં. એવું કહેવાય છે કે પરશુરામજી સાત ચિરંજીવીઓમાં સ્થાન પામ્યાં છે અને હિન્દુ સંસ્કૃતિની રક્ષા કાજે મહેન્દ્ર પર્વત ઉપર આકરી અને કઠિન તપશ્ચર્યા કરે છે. વિરલ અને અનુપમ વ્યક્તિત્વ ધરાવનાર મુનિ શ્રેષ્ઠ પરશુરામજીના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન છે.

---

### ભગવાન રામ સરજૂ તટ પર દડાથી રમે છે, તો ક્યારેક વનવિહાર કરવા જાય છે અને ત્યાં મૃગનું રૂપ લઈને આવતા અસુરોને નિર્વાણ આપે છે

# ગોદાવરી બ્રહ્મગિરિમાંથી પ્રગટ થયા છે માટે એને "મેકલ સૂતાં" પણ કહેવામાં આવે છે



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કથાના ક્રમમાં આગળ વધતાં જણાવ્યું કે જેમના શ્વાસ અને ઉચ્છવાસની પ્રક્રિયા જ વેદ છે, એવા ભગવાન કોઈ પાસે ભણવા જાય એ લીલા અપરંપાર છે, આપણે રામને માનવ સમજીએ, પરંતુ એમનું બ્રહ્મત્વ ભુલવું નહીં, ભગવાને જગતને બતાવ્યું કે ભણવું તો જોઈએ, ભણ્યા પછી રામ એનું પાલન પણ કરે છે.**

માનસ ગોદાવરીની સાતમા દિવસની કથામાં પ્રવેશ કરતાં બાપુએ કહ્યું કે રામકથાનો કેન્દ્રસ્થ વિષય જ ગોદાવરી છે, ગંગાને આપણે ભગીરથ નંદીની કહીએ છીએ, યમુનાજીને આપણે રવિતનયા કહીએ છીએ, એવી જ રીતે ગોદાવરી મેકલ સુતા છે, ગોદાવરી એક અર્થમાં બ્રહ્મ કન્યા છે, કેમકે બ્રહ્મગિરિમાંથી પ્રગટ થઈ છે, અને ગૌતમ ઋષિ દ્વારા પ્રાપ્ત થઈ હોવાથી ગૌતમી છે. કથાના સાત્વિક અર્થને કંઈ રીતે મુલવણી કરવા માટે વિષયને પાંચ દ્રષ્ટિકોણથી તેનું નિરૂપણ થવું જોઈએ. ગોદાવરીનું પાંચ દ્રષ્ટિકોણથી નિરૂપણ કરીએ તો, પ્રથમ દ્રષ્ટિકોણ તો ઐતિહાસિક દ્રષ્ટિએ એટલે કે કયા યુગમાં પ્રગટ થઈ?. બીજો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, એટલે કે ગોદાવરીના પાણીમાં કયા કયા ખનીજ મળે છે વગેરે. ત્રીજો દ્રષ્ટિકોણ છે વ્યવહારનો, એટલે કે નદીમાં જળ છે, ડેમમાં પાણીનો સંચય થાય છે, વગેરે વાતો વ્યવહારનાં દ્રષ્ટિકોણની છે, અને ચોથો દ્રષ્ટિકોણ છે ભાવનાત્મક દ્રષ્ટિકોણ. એટલે કે ગોદાવરીના તટે કુંભમેળાનું આયોજન થાય છે, અને એમાં સ્નાન કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. માનસ ગોદાવરીનાં તત્વરૂપ રૂપે આ તટ પર શાંતિ મળશે, એની ઉગ્રતા મટી જશે, સંતાપ ખતમ થઈ જશે, અને ગોદાવરીનું બીજું તાત્વિક સ્વરૂપ છે, કે અહીં આવ્યા પછી સભ્ય થઈ જાય છે, ગોદાવરીનું ત્રીજુ તાત્વિક દર્શન એ છે, સ્વયં પરમાત્માના મુખે સત્સંગ સાંભળવા મળે છે, જેમ કે રામ ગીતા. લગભગ ૪૦ વર્ષ પહેલાં પંચવટીમાં વિચરણ કરતાં એક સંન્યાસી શંભુગીરી મહારાજને પ્રશ્ન કર્યો કે નાસિક ક્ષેત્રમાં એવું શું છે? તેમણે જવાબ આપ્યો બાપુ ગોદાવરીના તટ પર મધ્યરાત્રી પછી, રામ મને રામગીતા સંભળાવી રહ્યા છે, એવું લાગે છે. ચોથા તત્વ રૂપે ગોદાવરીના તટે ભયમુક્ત દશા પ્રાપ્ત થાય છે, અને સ્વયં ઈશ્વર સાથે જોડાણ થાય છે. ગોદાવરી મુખર છે, આપણા કાનથી એ શ્રવણ શક્ય નથી, તો એમાં ગોદાવરી શું કરે? શૂર્પણખા વાળો પ્રસંગ પણ સંક્ષિપ્તમાં આપણે જોયો, અને એ પ્રસંગનું તાત્વિક દર્શન એ છે કે સ્વર્ગની કામના છોડી દો, અહીં કામનાઓ ખત્મ થઈ જાય છે,એટલે કે જગતગુરુ શંકરાચાર્ય કહે છે જેણે તત્વને જાણ્યું નથી, તેને માટે શાસ્ત્ર બેકાર છે. શૂર્પણખાનાં નાક કાન કપાયાં એટલે કે આ ભૂમિ આપણને સ્વર્ગની કામનાથી મુક્ત કરી દે છે, અને આ ભૂમિ આપણને તત્વની ઓળખ કરાવી દે છે, તત્વ સાથે આપણું જોડાણ કરાવી દે છે. ખર દૂષણ સાથેના યુદ્ધમાં કે ૧૪૦૦૦ રાક્ષસોને નિર્વાણ આપ્યું. એટલે ગોદાવરીનાં પ્રવાહનું તત્વ છે નિર્વાણ! અહીં વસવાટ કરનારાઓ માટે નિર્વાણ દુર્લભ નથી. બીજી નદીઓની તુલનામાં ગોદાવરીમાં વિનાશકારી પુર વગેરે આવ્યા નથી. ગોદાવરીના તટ પર મારીચને લઈને રાવણ આવે છે, અને રામ લલિત નરલીલાની શરૂઆત થાય છે. જાનકીજી અગ્નિમાં કે ગોદાવરીમાં સમાઈ ગયાં, અને મારીચ વધ પછી રાવણ જાનકીનું અપહરણ કરે છે. ગોદાવરી સુમતિની દાતા છે, શૂર્પણખા અહીં આવી ત્યારે તેનો ઈરાદો જુદો હતો, અને અહીંથી ગયા પછી રાવણના દરબારમાં નીતિશાસ્ત્ર બોલવા લાગી, એટલે કે ગોદાવરીએ તેને સુમતિનું દાન કર્યું. મારીચ માટે પરમાત્મા પ્રિયતમ છે, અને મારીચ પોતાના પ્રિયતમના દર્શન કરવા આવે છે, ગોદાવરીનો તટ પ્રેમીને પ્રિયતમની પ્રાપ્તિ કરાવે છે. મારિચનો પ્રેમ અદભુત છે. રાવણે જ્યારે મારીચને કહ્યું ચાલ મારે એ સ્ત્રીનું અપહરણ કરવું છે! ત્યારે મારીચ રાવણને સમજાવે છે કે મને ફણા વિનાનું બાણ મારીને સત જોજન દૂર ફેંકી દીધો હતો, એમની સાથે વિરોધ કરવો એ યોગ્ય નથી. આમ કહી મારીચ રાવણને કહે છે, કે આઠ વ્યક્તિનો વિરોધ ન કરવો જોઈએ, એક શાસ્ત્રી, મર્મી, પ્રભુ એટલે સમર્થ, શઠ, ધની, વૈદ એટલે કે ડોક્ટર સાથે વિરોધ નહીં, બંદીજન એટલે કવિ, સર્જક સાથે વિરોધ ન કરવો, ભાનસ એટલે કે રસોઈ બનાવનાર સાથે વિરોધ ન કરવો, પરંતુ તે છતાં રાવણ માન્યો નહીં, અને તેણે મારીચને પોતાની સાથે આવવા કહ્યું. મારીચ જાણતો હતો કે જો નહીં જાઉં તો અહીં મૃત્યુ છે, અને જઈશ તો ત્યાં પણ મૃત્યુ છે, તો પ્રભુના હાથે મૃત્યુ તેણે સ્વીકાર્યું. નવરાત્રીના ગરબા એ મા દુર્ગાની સામૂહિક પ્રાર્થના છે.નરસિંહને પણ યાદ કર્યા સકલો લોકમાં સૌને વંદે નિંદાન કરે કેની રે! આજકાલ સામૂહિક દ્વેષ વધી રહ્યો છે, પણ સામૂહિક ભજન થવું જોઈએ! સામૂહિક સાધનાનો પ્રકલ્પ અદભુત છે. કથાના ક્રમમાં આગળ વધતાં જણાવ્યું કે જેમના શ્વાસ અને ઉચ્છવાસની પ્રક્રિયા જ વેદ છે, એવા ભગવાન કોઈ પાસે ભણવા જાય એ લીલા અપરંપાર છે. આપણે રામને માનવ સમજીએ, પરંતુ એમનું બ્રહ્મત્વ ભુલવું નહીં. ભગવાને જગતને બતાવ્યું કે ભણવું તો જોઈએ, ભણ્યા પછી રામ એનું પાલન પણ કરે છે, એટલે કે પ્રાતઃકાળ વડીલોને વંદન કરે છે, અને કહે છે, બળ, બુદ્ધિ, કિર્તી, આયુ માટે આ જરૂરી છે. ભગવાન રામ સરજૂ તટ પર દડાથી રમે છે, તો ક્યારેક વનવિહાર કરવા જાય છે, અને ત્યાં મૃગનું રૂપ લઈને આવતા અસુરોને નિર્વાણ આપે છે. વિશ્વામિત્ર વિચારે છે કે, હું મારી સાધનાના બળે, આ અસૂરોને બાળી શકું પણ એનો અર્થ મારી સાધનાનું પરિણામ ક્રોધ છે, સાધનાનું પરિણામ તો શાંતિ હોવું જોઈએ. આવું વિચારી વિશ્વામિત્ર અયોધ્યા આવે છે, અને રામના દર્શન માત્રથી સ્તંભિત થઈ જાય છે. રાજા દશરથે એમની પૂજા કરીને ભોજન કરાવ્યું. મનુ શતરુપાની વાત કરતા કહ્યું કે બંને જણાએ કેટલા ઉપવાસ કર્યા કે શરીર ક્ષીણ થઈ ગયું. અહીં તુલસી મત રાખે છે કે ઉપવાસ કરવાથી ભગવાનની પ્રાપ્તિ થાય, પરંતુ એ આદર્શ ન બનવો જોઈએ, એટલે વિશ્વામિત્રને ભોજન કરવાથી રામના દર્શન થયા એ વાત પણ મૂકી. ચિત્તની શાંતિ અને ચૈતિક પ્રસન્નતા નષ્ટ થઈ જાય એવા વ્રત કે તપ કરવા નહીં. રાજન હું તારી સંપત્તિ નહીં પણ સંતતિ માંગવા આવ્યો છું, આમ કહી બંને કુમારોની માંગણી કરે છે. માતા-પિતાના આશીર્વાદ લઈને રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે જંગલમાં આવે છે, વિશ્વામિત્રને મહાનિધિ પ્રાપ્ત થયાનો અનુભવ થાય છે. અરણ્યમાં તાડકા આવે છે, પ્રભુ એક જ બાણથી તાડકાને નિર્વાણ આપે છે. બીજે દિવસે યજ્ઞની તૈયારી સંપન્ન થયાં પછી સુબાહુ આવે છે, પ્રભુ એને પણ બાળીને ભસ્મ કરી દે છે. મારીચ આવે છે, પરંતુ મારીચને બાળતા નથી, કારણ કે આગળની નરલીલામાં મારીચ સહભાગી થવાનો છે, એટલે તેને ફણા વિનાના બાણથી રાવણ તરફ મોકલી દે છે. આમ બધા જ રાક્ષસોને મારીને પ્રભુ વિશ્વામિત્ર ઋષિનું અનુષ્ઠાન પૂર્ણ કરાવે છે. વિશ્વામિત્રજી કહે છે રાઘવ જનકપુરમાં એક બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો છે, એને પણ પૂર્ણ કરાવી દો. પ્રભુ રસ્તામાં અહલ્યાનો ઉદ્ધાર કરે છે, અહલ્યાના પ્રસંગમાં દોષ કોનો હતો, ઈન્દ્રનો કે અહલ્યાનો? કે પછી બંને જવાબદાર છે? પરંતુ છતાં શ્રાપ તો અહાલ્યાને જ મળ્યો, જેમને કોઈ નથી બોલાવતું એમને રામ બોલાવે છે. પ્રભુ અહલ્યાને શ્રાપ મુક્ત કરે છે, એનો મતલબ એમ છે કે સ્ત્રીની સમાજમાં પુનઃ પ્રતિષ્ઠા થવી જોઈએ! ભગવાને ક્ષણવારનો પણ વિલંબ કર્યો નથી, એટલે કે માણસની નબળાઈનો સ્વીકાર કરો. પરફેક્ટ માનીને શોધશો તો અહીં કોઈ નહીં મળે, મર્યાદા પુરુષોત્તમ રઘુવંશીરામ માત્ર એક છે, એમના પગનો સ્પર્શ કરવો કે એક ચરણ રજ અહલ્યા પર પડી અને અહલ્યા પુનર્જીવિત થયા. અહલ્યા બુઝાઈ ગયેલી મીણબત્તી હતી, અને રામરૂપી સળગતી મીણબત્તી એની પાસે પહોંચતા જ એ પણ ફરીથી પ્રજવલિત થઈ. અહલ્યા પુનઃ જાગૃત થઈ, પથ્થર પીગળી ગયો, આંખેથી અશ્રુધારા વહી, અને અહલ્યા પતિ લોક ગઈ. પતિત પાવનનું બિરૂદ સાર્થક કરી રાઘવ આગળ વધ્યાં. ગંગાનાં તટ પર વિશ્વામિત્રે ગંગા અવતરણની દિવ્યકથા સંભળાવી, પ્રભુએ ગંગા સ્નાન કર્યું, તીર્થના દેવતાઓને દાન કરી પ્રભુ જનકપુર પધાર્યા. જનકને કહ્યું આ પરમ તત્વ છે. આમ કહીએ સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

---

### આંખમાં કામને ન રાખો અને મનમાં સ્વાર્થને ન રાખો, સમતા રાખી જગતને જુઓ, આંખ બગડેલી હશે તો બગડેલું દેખાશે

# સમસ્યા એ સમસ્યા નથી, એનો ઉકેલ શોધવાની આવડતનો અભાવએ સમસ્યા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સર્વને ભાગવત ભાવથી જુઓ, જગતમાં કર્મ કરતાં કરતાં ઈશ્વરનું અનુસંધાન રાખો, બાળકને બદલે બાલકૃષ્ણનું અનુસંધાન રાખો તો કનૈયો મળશે અને કનૈયા પાછળ લક્ષ્મી પણ આવશે, લૌકિક નામ રૂપમાં મન ફસાય તેઆસક્તિ પરંતુ તે જ મન શ્રીકૃષ્ણના નામ રૂપમાં ફસાય તો તે ભક્તિ છે, સંસારના વિષયોમાં પ્રેમએ આસક્તિ ભગવાન તરફ પ્રેમ એ ભક્તિ, સંસાર શક્તિ બાધક છે તે બંધન કરે છે.**

પહેલગમની ઘટના પછી દેશની પ્રજામાં પાકિસ્તાન સામે ભારે વિરોધ જોવા મળી રહયો છે. ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આપણે અવાર નવાર જોઈએ છીએ એવી રીતે ભક્તિનો રંગ જલદી લાગતો નથી અને લાગી જાય પછી તેને સંસારની પ્રવૃત્તિ ગમતી નથી.મીરાંબાઈએ કહ્યું છે, મારા શ્રીકૃષ્ણનો રંગ કાળો છે. કાળારંગ ઉપર કોઈ દુજો એટલે બીજો રંગ લાગતો નથી. પ્રહલાદજીને જન્મથી ભક્તિનો રંગ લાગ્યો હતો.પ્રહલાદ મહા વૈષ્ણવ છે.ગુરુ જે ભણાવે તે સાંભળે છે. ગુરુજીએ વિચાર કર્યો કે, છોકરો ડાહ્યો છે. તેની કેળવણી જોઈ તેના પિતા મને ઈનામ આપશે શંડામર્ક પ્રહલાદને દરબારમાં લઈ આવે છે. પ્રહલાદ પિતાજીને પ્રણામ કરે છે. હિરણ્યકશિપુએ બાળકને ઊઠાવી ગોદમાં લીધો,પ્યાર કર્યો.પછી પૂછે છે, બેટા, ગુરુજીને ઘરે જે ઉત્તમમાં ઉત્તમ પાઠ શીખ્યો હોય તે બોલ! (મહારાજની પ્રહલાદજીએ વિચાર્યું કે,પિતાજી ઉત્તમમાંઉત્તમ પાઠ શું શીખ્યો એમ પૂછે છે, એટલે એમણે પોતાના ચિંતનમાં થી જે ઉત્તમ પાઠ તારવ્યો તે. ચિત્ત જેમાં એકાકાર કર્યું હતું તે પાઠ ભણ્યો. તેમણે કહ્યું, અંધારા કૂવા જેવુંઘર માણસના અધઃપતન નું મૂળ છે, તેનો ત્યાગ કરી વનમાં જવું અને હરિનું શરણું લેવું. પિતાજી,અનેક જન્મોના અનુભવ ઉપરથી કહું છું. આ જીવ અનેક વખત સ્ત્રી, પુરુષ, પશુ, પક્ષી બન્યો છે. હજારો જન્મથી તે લૌકિકસુખ ભોગવે છે, છતાં તેને તૃપ્તિ થતી નથીતૃપ્તિ માત્ર ત્યાગ થી થાય છે. સંસાર એ દુઃખનો દરિયો છે. પ્રત્યેક જીવ દુઃખી છે. પાપ-પુણ્ય સમાન બને છે, ત્યારે આ મનુષ્ય શરીર મળે છે. પાપ ભોગવવું પડે છે તેમ પુણ્ય પણ ભોગવવું પડેછે સંસાર ક્ષણે ક્ષણે બદલાય છે. પિતાજી, સ્વાર્થ અને કપટ સિવાય સંસારમાં બીજું કાંઈ નથી. પતિ-પત્નીના પ્રેમમાં પણ સ્વાર્થ અને કપટ હોય છે. જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર એક પરમાત્મા જ છે. સંસારમાં કપટ કરવું જ પડે છે. વાસના હોય ત્યાં છળકપટ હોવાનું જ. આમબાળક પ્રહલાદ અનેક જન્મોના અનુભવનું ફળ પિતાને સંભળાવે છે. સંસાર આખો કપટજાળ છે. પતિ-પત્નીના પ્રેમમાં કપટ છે. પત્ની સુખ આપે તો પતિપ્રેમ કરે. સુખ આપતી બંધ થાય તો પતિ ઈચ્છશે આનું કાંઈક થઈ જાય એટલે કે મરી જાય તો સારું પતિ દુઃખ આપે તો પત્ની પણ ઈચ્છે કે પતિ મરી જાય તો સારું. પત્ની સુખ આપે છે, માટે પતિ તેને ચાહે છે. પત્ની છે તેટલા માટે કાંઈ પતિ તેને ચાહતો નથી. આમ જગતમાં સ્વાર્થ અને કપટ સિવાય બીજું કાંઈ નથી. સુર, નર, મુનિ બધાની આ રીત છે.સ્વાર્થ માટે જ બધા પ્રેમ કરે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિએ સંન્યાસ ગ્રહણ કરવા નિશ્ચય કર્યો. તેમણે પોતાની બંને પત્નીઓ મૈત્રેયી અને કાત્યાયનીને બોલાવી ને કહ્યું,મારે હવે સંન્યાસ લેવો છે. તમારી વચ્ચે ઝઘડો ન થાય એટલે સર્વ સંપત્તિ તમને બંનેને સરખે ભાગે વહેંચી આપું છું.મૈત્રેયી બ્રહ્મ વાદિની હતી. તેણે પૂછ્યું,આ ધનથી હું મોક્ષ પામી શકીશ? હું અમર થઈ શકીશ? યાજ્ઞવલ્ક્ય કહે, ધનથી કાંઈ મોક્ષ મળી શકે? ધનથી બીજા ભોગ પદાર્થો મળી શકે. એ વડે તમે આનંદથી જીવી શકશો! મૈત્રેયી કહે,જે ધનથી મોક્ષ ન મળે તે ધનને મારે શું કરવું છે? તમે સઘળું ધન કાત્યાયનીને આપો. મૈત્રેયીને જિજ્ઞાસુ જાણીને યાજ્ઞ વલ્ક્ય તેને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું, તે મૈત્રેયી! માણસને ઘર,પુત્ર,સ્ત્રી આદિ જે પ્રિય લાગે છે તે પોતાના સુખ માટે, પોતાના સ્વાર્થને માટે પ્રિય લાગે છે. બાકી માણસને પ્રિયમાં પ્રિય તો આત્મા જ છે. પત્ની પતિ ને ચાહે છે, કારણ કે પતિ તેનું ભરણપોષણ કરે છે. પતિ હશે તો મારું ભરણપોષણ કરશે. એ આશાએ એટલે પોતાની જ કામનાઓ માટે પત્ની પતિને ચાહે છે, નહીં કે પોતાનો પતિ છે એટલા જ માટે.પતિ પત્નીને ચાહે છે, તે પત્ની તેની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. એટલા માટે ચાહે છે, નહીં કે તે ફક્ત પત્ની છે. એટલા માટે જ માતા- પિતા પુત્રોને ચાહે છે, કારણ કે તેઓને આશા હોય છે કે પુત્રો મોટા થઈને તેઓનું ભરણ પોષણ કરશે, તેઓને પાળશે, નહીં કે તે પુત્ર છે એટલા માટે ચાહે છે. મનુષ્ય મનુષ્ય સાથે પ્રેમ કરતો નથી, સ્વાર્થ સાથે પ્રેમ કરે છે પ્રહલાદજીએ કહ્યું, પિતાજી હું અનેક જન્મોના અનુભવથી કહું છું કે, સંસારમાં સાચી શાંતિ ક્યાંય નથી. ઘરમાં ભજન બરાબર થતું નથી.એટલે મારે ઘરમાં નહીં, વનમાં જઈને એકાંતમાં બેસી નારાયણનું આરાધન કરવું છે. આ સાંભળી હિરણ્યક શિપુને ક્રોધ આવ્યો. તેણે શંડામર્કને ઠપકો આપ્યો.તમે મારા બાળકને આવો બોધ આપો છો? આવું શિક્ષણ આપો છો? ખબરદાર, હવે પછી આવું શિખવ્યું છે તો! શંડામર્કે પ્રહલાદને કહ્યું કે, અમે તને આવું શિખવાડયું નથી તો તું આવું કેમ બોલ્યો? પ્રહલાદજી કહે છે, ગુરુજી, આ તો ભક્તિનો રંગ છે. કોઈના કહેવાથી આ રંગ લાગતો નથી.પ્રભુ કૃપા થાય તો જ ભક્તિ નો રંગ લાગે છે. થોડા સમય પછી ફરી એક દિવસ અધૂરી મૂકેલી પોતાની વાત આગળ ચલાવી કહે, પિતાજી, નવપ્રકારે વિષ્ણુ ભગવાનની ભક્તિ થાય છે. ભગવાનના ગુણ-લીલા- નામ આદિનું શ્રવણ, તેનું કીર્તન, સ્મરણ એના ચરણોની સેવા, પૂજાઅર્ચના વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન સમર્પણભાવથી આ નવ પ્રકારની ભક્તિ જો કરવામાં આવે તો પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુ પ્રસન્ન થાયતોજીવન સફળ થાય છે. બાકી ભોગ ભોગવવાથી શાંતિ મળતી નથી. આ સાંભળી હિરણ્યકશિપુને ક્રોધ આવ્યો.તેણે પ્રહલાદને ગોદ માંથી ફેંકી દીધો. સેવકોને હુકમ કર્યો, તમે આ બાળકને મારી નાખો તે મારા શત્રુનું ભજન કરે છે. દૈત્યો પ્રહલાદને મારવા દોડ્યા. પ્રહલાદની દૃષ્ટિ દિવ્ય હતી.પ્રહલાદને તલવારમાં શ્રી કૃષ્ણ દેખાયા. તલવાર જેના હાથમાં છેતેમાં પણ શ્રીકૃષ્ણ દેખાય, વસ્તુ માત્રમાં શ્રી કૃષ્ણને જોવાવાળો બધે શ્રી કૃષ્ણ જ જુએ ને? સર્વને ભાગવતભાવથી જુઓ. જગતમાં કર્મ કરતાં કરતાં ઈશ્વરનું અનુસંધાન રાખો. બાળકને બદલે બાલકૃષ્ણનું અનુસંધાન રાખો તો કનૈયો મળશે અને કનૈયા પાછળ લક્ષ્મી પણ આવશે.લૌકિક નામ રૂપમાં મન ફસાય તેઆસક્તિ પરંતુ તે જ મન શ્રીકૃષ્ણના નામ રૂપમાં ફસાય તો તે ભક્તિ છે. સંસારના વિષયોમાં પ્રેમએ આસક્તિ ભગવાન તરફ પ્રેમ એ ભક્તિ. સંસાર શક્તિ બાધક છે તે બંધન કરે છે. ભગવતાશક્તિ બંધનમાંથી મુક્ત કરે છે,ને મુક્તિ અપાવે છે. આંખમાં કામને ન રાખો અને મન માં સ્વાર્થને ન રાખો. સમતા રાખી જગતને જુઓ. આંખ બગડેલી હશે તો બગડેલું દેખાશે. જ્ઞાની મહાપુરુષોને જગતમાં કોઈ ખરાબ દેખાતું નથી. સંસારમાં પ્રીતિ થાય તો ભક્તિ થતી નથી. સુંદર વસ્તુ જ જોવાનું આંખને મન હોય તો એને કહોકે, ભગવાન શ્રીકૃષ્ણ સિવાય ત્રિભુવનમાં કોઈ વસ્તુ સુંદર નથી. બે જણા બજારમાં ફૂલ લેવા ગયા છે. એક ભગવાનની પૂજા માટે ફૂલ લેવા ગયો છે,બીજો પત્નીના કહેવાથી પત્ની માટે ફૂલની વેણી લેવા ગયો છે. એકની ભક્તિ છે, બીજાની આસક્તિ. એકને પરમા ત્માને શણગારવાની ભાવના છે તે તેની ભક્તિ છે.બીજાને લાડીને શણગારવી છે. બીજાને સંસાર વિલાસની આસક્તિ છે.બે ક્રિયા એક છે, છતાં એકમાં આસક્તિ અને બીજામાં ભક્તિ છે. દૈત્યો પ્રહલાદને મારે છે, છતાં તેનો વાળ વાંકો થતો નથી. પ્રહલાદની ભક્તિ દિવ્ય છે. પ્રહલાદ નિર્ભય છે. પ્રહલાદને મારવા અનેક ઉપાયો કર્યા, પણ પ્રહલાદ મરતા નથી. હિરણ્યકશિપુને થયું, આ કોઈ જાદુ શીખી આવ્યો લાગે છે. હુકમ કર્યો, તેને અંધારામાં પૂરી રાખો. અન્નજળ વગર તે મરી જશે. પ્રહલાદજીને અંધારા ઓરડામાં પૂરી દેવામાં આવે છે પણ તેને બીક નથી. તે શાંતિથી શ્રીકૃષ્ણ કીર્તન કરે છે. સુખમાં ભાગવતકૃપા નો અનુભવ કરે એ સાધારણ વૈષ્ણવ,પરંતુ દુઃખમાં પણ ભાગવત કૃપાનો અનુભવ કરે છે, અને સેવા-સ્મરણ છોડે નહીં એ મહાન વૈષ્ણવ છે. દેવકી-વસુદેવ ઉપર કેટલું દુઃખ પડ્યું છતાં તેઓ ધીરજ છોડતા નથી આપણા ઉપર સહેજ દુઃખ આવે છે તો આપણે અકળાઈ જઈએ છીએ. અતિશય દુઃખમાં પ્રહલાદ વિચારે છે કે,મારા ભગવાન મારી સાથે છે. પછી બીક શાની? બીક જેને લાગે તે ઈશ્વરથી દૂર છે. અંધારામાં પ્રહલાદ શ્રીકૃષ્ણ કીર્તન કરે છે એને દેહભાન નથી.ભગવતપ્રેમમાં જેને દેહનું ભાન રહેતું નથી,તેને સંસારના કોઈ વિકાર અસર કરી શકતા નથી.આજે ઠાકોરજી લક્ષ્મીને પૂછે છે કે, જગતમાં કોઈ જીવ ભૂખ્યો તો નથી ને? લક્ષ્મીજીએ જવાબ આપ્યો કે, તમારો ભક્ત પ્રહલાદ કેદમાં પડ્યો છે તે ભૂખ્યો છે. ભગવાને કહ્યું, દેવી, તેમને માટે તરત પ્રસાદ મોકલો. લક્ષ્મીજીએ સેવકોને આજ્ઞા કરી.સેવકો પ્રહલાદ માટે પ્રસાદ લઈને કારા ગૃહમાં આવ્યા પ્રહલાદ કહે,મારા પ્રભુને કેટલી ચિંતા છે!તે હોય જ ને! બધી ચિંતા પ્રહલાદે પ્રભુનેસોંપી દીધી, પછી પ્રભુ ચિંતા ન કરે તો જાય ક્યાં? હિરણ્યકશિપુના સેવકોને આશ્ચર્ય થયું,પ્રહલાદ કાંઈક ખાય છે! તેઓ હિરણ્યકશિપુ પાસે ગયા,વાત કહી. હિરણ્યકશિપુ આવ્યો. પ્રહલાદ આરોગતો હતો. પૂછ્યું, આ ક્યાંથી લાવ્યો, સાચું બોલ? પ્રહ્લાદ કહે, પ્રભુએ ગર્ભવાસમાં મારું પોષણ કર્યું. તે અહીં પણ મારું પોષણ કરે છે! હિરણ્યકશિપુનો ગુસ્સો હાથ ન રહ્યો. વળીપાછો પ્રભુ! અહીં પણ પ્રભુ! તેનો પુત્ર પ્રેમ ઓગળી ગયો હતો. તેણે હુકમ કર્યો, આને મુશ્કે ટાટ બાંધો! શંડામર્ક પ્રહલાદને વરૂણ પાશમાં બાંધી બહારલાવ્યા પ્રહલાદને બંધનમાં પણ બધે શ્યામ સુંદરનાં દર્શન થાય છે. એક દિવસ ગુરુજી બહાર ગયેલા પ્રહુલાદ બાળકોને કહે છે હું આજે તમને એક નવીન રમત બતાવીશ. પ્રહલાદે બાળકોને ભાગવત ધર્મનો ઉપદેશ કર્યોને કહ્યું મિત્રો, મનુષ્યજન્મ દુર્લભ છે. શરીર નાશવંત છે, પણ એના દ્વારા અવિનાશી પ્રભુનાં દર્શન થાય છે. માટે બાળપણથી જ પ્રભુની ભક્તિ કરો. વાત ખરી જ છે. પ્રહલાદનું ચરિત્ર પણ આપણને સૂચવે છેકે, બાલ્યાવસ્થાથી જ મનુષ્યે ઈશ્વરના ભજનમાં લાગી જવું જોઈએ. માતા પિતાએ નાનાં બાળકો ઉપર ધર્મના સંસ્કાર પાડવા જોઈએ.વૃદ્ધાવસ્થામાં દેહની સેવા થાય છે, દેવની સેવા થઈ શકતી નથી. માનવ શરીર ભોગ ભોગવવા માટે મળ્યું નથી.

### હવે સૈફ મજબૂત વાપસી માટે તૈયાર

# અભિનેતા સૈફ અલી ખાને કતારમાં વૈભવી ઘર ખરીદ્યું



## ‘મને તે અદ્ભુત લાગ્યું, ગોપનીયતા-વૈભવીતા વિશે કંઈક એવું હતું જે મને ખરેખર ગમ્યું’

પોતાના પૂર્વજોના પટૌડી પેલેસ અને બાંદ્રાના આલીશાન એપાર્ટમેન્ટ પછી, સૈફ અલી ખાને પોતાના નામે વધુ એક વૈભવી ઘર ઉમેર્યુ છે અને આ વખતે, તેણે તે વિદેશમાં ખરીદ્યું છે. કતારમાં ઘર ખરીદ્યા પછી હવે સૈફ મજબૂત વાપસી માટે તૈયાર અભિનેતાએ કતારમાં સેન્ટ રેજીસ માર્સા અરેબિયા આઈલેન્ડ ધ પર્લ ખાતે ધ રેસિડેન્સમાં એક વૈભવી ઘર ખરીદ્યું છે.સૈફે કહ્યું, ‘હોલિડે હોમ કે સેકન્ડ હોમ વિશે વિચારો.’ મને થોડીક વાતોનો વિચાર આવે છે. એક વાત તો એ છે કે તે બહુ દૂર નથી અને સરળતાથી પહોંચી શકાય છે. અને બીજું, સૌથી મહત્વની વાત એ છે કે તે ખૂબ જ સલામત છે અને ત્યાં રહીને ખૂબ સારું લાગે છે.સૈફે આગળ કહ્યું, ‘ટાપુની અંદર એક ટાપુનો ખ્યાલ પણ ખૂબ જ અદ્ભુત અને સુંદર છે.’ ‘મને તે અદ્ભુત લાગ્યું અને ગોપનીયતા અને વૈભવીતા વિશે કંઈક એવું હતું જે મને ખરેખર ગમ્યું’ રહેવા માટે તે એક સુંદર જગ્યા છે. અને જ્યારે તમે ત્યાં હોવ ત્યારે તમને જે અનુભૂતિ થાય છે તે મહત્વપૂર્ણ છે. ત્યાંનો નજારો અને ભોજન એ કેટલીક બાબતો છે જેના કારણે મને આ નિર્ણય લેવા માટે પ્રેરિત કર્યો. હું ત્યાં કોઈ કામ કરવા ગયો હતો અને હું કંઈક શૂટિંગ કરી રહ્યો હતો, ત્યારે જ હું ત્યાં રોકાયો હતો. અભિનેતાએ વધુમાં ઉમેર્યુ, ‘મને તે અદ્ભુત લાગ્યું અને ગોપનીયતા અને વૈભવીતા વિશે કંઈક એવું હતું જે મને ખરેખર ગમ્યું.’ તે ખોરાક અને મેનુ બનાવવાની રીત છે. આવી ઘણી બધી વાતો હતી. મારો મતલબ છે કે તે ઘરથી દૂર ઘર જેવું લાગ્યું, તેથી તે ખરીદવું ખૂબ જ સરળ હતું.આ નવું ઘર સૈફના જીવનમાં એક નવો અધ્યાય છે, ખાસ કરીને આ વર્ષની શરૂઆતમાં તેના મુંબઈના ઘરે થયેલા હિંસક હુમલા પછી. અભિનેતાને કરોડરજ્જુ પાસેના છરીના ટુકડાને દૂર કરવા માટે સર્જરી કરાવવી પડી. થોડા દિવસો પછી જ તે કામ પર પાછો ફર્યો. કતારમાં ઘર ખરીદ્યા પછી હવે સૈફ મજબૂત વાપસી માટે તૈયાર છે. આગળ, તે ‘જ્વેલ થીફ: ધ હેઈસ્ટ બિગિન્સ’ માં જોવા મળશે, જે એક શાનદાર થ્રિલર છે અને ૨૫ એપ્રિલથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. કૂકી ગુલાટી અને રોબી ગ્રેવાલ દ્વારા દિગ્દર્શિત અને માર્ફિલક્સ બેનર હેઠળ સિદ્ધાર્થ આનંદ અને મમતા આનંદ દ્વારા નિર્મિત, આ ફિલ્મ એક્શન, ષડયંત્ર અને સૈફને એક નવા અવતારમાં જોવા મળશે.

# બહુપ્રતિક્ષિત હોલીવુડ ફિલ્મ હેડ્સ ઓફ સ્ટેટનું ટ્રેલર રીલીઝ કરાયું

## આ ફિલ્મમાં હાઈ-ઓક્ટેન સ્ટન્ટ્સ હશે, જેની ઝલક ટ્રેલરમાં સ્પષ્ટપણે દેખાય છે

પ્રિયંકા ચોપરાની બહુપ્રતિક્ષિત હોલીવુડ ફિલ્મ ‘હેડ ઓફ સ્ટેટ’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જેમાં અભિનેત્રી એક્શન અવતારમાં જોવા મળી રહી છે. આ ફિલ્મમાં હાઈ-ઓક્ટેન સ્ટન્ટ્સ હશે, જેની ઝલક ટ્રેલરમાં સ્પષ્ટપણે દેખાય છે. પ્રિયંકાનું પાત્ર એક મિશન પર છે. તે યુએસ પ્રમુખ વિલ ડેરિંગર અને યુકેના વડા પ્રધાન સેમ ક્લાર્કને બચાવવા માટે બહાર છે. પણ વાત એ છે કે તેની પાસે કોઈ બેકઅપ નથી.“હેડ્સ ઓફ સ્ટેટ” માં જોન સીના યુએસ રાષ્ટ્રપતિની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે યુકેના વડા પ્રધાનની ભૂમિકા એડ્રિસ એલ્બા દ્વારા ભજવવામાં આવી છે. ઈતિહાસના સૌથી ખરાબ સુરક્ષા ભંગ પછી, યુએસ રાષ્ટ્રપતિ અને યુકેના વડા પ્રધાન મદદ માટે ક્યાં જવું તે અંગે મૂંઝવણમાં છે. વિમાન દુર્ઘટના પછી, વિલ ડેરિંગર (જહોન સીના) અને સેમ ક્લાર્ક એક અજાણી દુનિયામાં ફસાયેલા છે જ્યાં તેમને કોઈપણ લશ્કરી બળ વિના પોતાનો બચાવ કરવો પડશે. વધુ ખરાબ વાત એ છે કે તેઓ એકબીજા સાથે સારી રીતે બનતા નથી અને એકબીજાથી ચિડાઈ જાય છે. મને તે ખૂબ જ નફરત છે. જોકે, હવે જ્યારે તેમને ખબર પડે છે કે તેઓ એક શક્તિશાળી અને નિર્દય વિદેશી હરીફનું નિશાન છે, ત્યારે બંને પાસે એકબીજા સાથે હાથ મિલાવવા સિવાય કોઈ વિકલ્પ નથી.જ્યારે વિલ અને સેમ કોઈ બચાવનાર ન હોવાથી તેમના જીવનની શોધમાં હોય છે, ત્યારે MI6 એજન્ટ નોએલ બિસેટ આશાના કિરણ તરીકે તેમના જીવનમાં પ્રવેશ કરે છે. પ્રિયંકા ચોપરાએ નોએલ બિસેટની ભૂમિકા ભજવી છે. ‘હેડ્સ ઓફ સ્ટેટ’ના ૨ મિનિટ ૩૫ સેકન્ડ લાંબા ટ્રેલરમાં પ્રિયંકા ચોપરાના પાત્ર નોએલ બિસેટના ઘણા આશ્ચર્યજનક લુક્સ બતાવવામાં આવ્યા છે. તે એકલી ૧૦ એજન્ટોનું કામ કરી શકે છે. તેથી, બિસેટ અને તેના ઉગ્ર ગુસ્સાની મદદથી, બંને રાષ્ટ્રના વડાઓ (વિલ અને સેમ) સમગ્ર વિશ્વને જોખમમાં મૂકતા વૈશ્વિક કાવતરાને નિષ્ફળ બનાવવાની યોજના બનાવે છે. રાષ્ટ્રપતિઓમાં પ્રિયંકા ચોપરા જોનાસ, જોન સીના અને ઈદ્રિસ એલ્બા ઉપરાંત કાર્લા ગુગિનો, જેક ક્વેઈડ, સ્ટીફન રૂટ, સારાહ નાઈલ્સ, રિચાર્ડ કોયલ અને પેડી કોન્સિડાઈન પણ છે. તે ૨ જુલાઈના રોજ ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ થશે. આ ફિલ્મનું નિર્દેશન ઈલ્યા નૈશુલર દ્વારા કરવામાં આવ્યું છે




# એન્ડેમોલ શાઇન અને કલર્સ વચ્ચે મતભેદ

કલર્સ ટીવીના બે સૌથી લોકપ્રિય શો ‘બિગ બોસ’ અને ‘ખતરોં કે ખિલાડી’ આ ચેનલમાંથી દૂર થઈ જાય એવી શક્યતા છે. આ બંને શોની ટીમ આ માટે સોની ટીવી સાથે ચર્ચા વિચારણા કરી રહી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સલમાન ખાન જેનું સંચાલન કરે છે એ બિગ બોસ અને રોહિત શેટ્ટી જેમાં સંચાલન કરે છે એ શો ખતરોં કે ખિલાડી બંને એન્ડેમોલ ઈન્ડિયા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવે છે. આ બંને શો કલર્સ ટીવી પર આવે છે અને જિઓ સાથેની વાયાકોમની ડીલના કારણે જિઓ+હોટસ્ટાર પર સ્ટ્રીમ થાય છે. પરંતુ હવે એવા અહેવાલો છે કે વાયાકોમ અને એન્ડેમોલ વચ્ચે આ શોના ભવિષ્ય અંગે સર્જનાત્મક વિવાદો ચાલી રહ્યા છે. તેમની સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, “ખતરો કે ખિલાડી અને બિગ બોસ સોની ટીવી પર જઈ શકે છે. કારણ કે ચેનલ અને પ્રોડ્યુસર વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે.”સૂત્રએ એવું પણ જણાવ્યું કે પ્રોડક્શન હાઉસ અને સોની ટીવી વચ્ચે ચર્ચાઓ તો ચાલી રહી છે, પરંતુ તેમની વચ્ચે હજુ કોઈ ડીલ ફાઈનલ થઈ નથી. ૨૦૦૬માં શરૂઆત થઈ ત્યારે સોની ટીવી પર બિગ બોસ શો શરૂ થયો હતો. પરંતુ તેની બીજી સીઝનથી આ શો કલર્સ પર જતો રહ્યો હતો. બિગ બોસ શો પણ યૂકેના જાણીતા શો બિગ બ્રધર પર આધારીત છે, જ્યારે ખતરોં કે ખિલાડી અમેરિકન શો ફિઅર ફેક્ટર પર આધારીત છે. બિગ બોસની દરેક સીઝન સૌથી વધુ જોવાતા શોમાં સામેલ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટીઆરપી ઘટી હોવા છતાં શો ટીવી પર સૌથી વધુ જોવાતા શોમાંનો એક છે. આ જ રીતે ખકરો કે ખિલાડી પણ સૌથી વધુ જોવાતા શોમાંનો એક છે. આ બંને શોમાં જાણીતા સેલેબ્રિટી ભાગ લે છે.




### આ ફિલ્મ માત્ર ટેકનોલોજી સાથેના નવા પ્રયોગોનું પ્રતીક નથી

# ભારતની પહેલી એઆઈ આધારિત ફિલ્મ ‘લવ યુ’ રિલીઝ માટે તૈયાર



## ફિલ્મની દરેક ફ્રેમ, ગીતો, સંવાદો, પાત્રોના એનિમેશન, લિપ-સિંક અને કેમેરા મૂવમેન્ટ સંપૂર્ણપણે એઆઈ દ્વારા બનાવ્યા છે

આજે એઆઈ નો યુગ છે અને દરેક ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. આ પહેલ સૌપ્રથમ દક્ષિણ સિનેમામાં લેવામાં આવી હતી. કન્નડ સિનેમામાં ટેકનોલોજી અને સિનેમાનું એક અનોખું મિશ્રણ જોવા મળ્યું છે. ભારતની પહેલી સંપૂર્ણપણે એઆઈ-આધારિત ફીચર ફિલ્મ ‘લવ યુ’ રિલીઝ માટે તૈયાર છે. બેંગ્લોરના એસ. નરસિંહમૂર્તિએ ‘લવ યુ’ નામની ફીચર ફિલ્મ સંપૂર્ણપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈ સાથે બનાવી છે. આ ફિલ્મ ૯૫ મિનિટ લાંબી છે અને માત્ર ૧૦ લાખ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ફક્ત બે જ લોકો સામેલ હતા - દિગ્દર્શક નરસિંહમૂર્તિ અને ગ્રાફિક કલાકાર. તે ૭ મહિનાની મહેનત પછી બનાવવામાં આવ્યું છે. આ અંગે, નિર્માતાઓ તેને વિશ્વની પ્રથમ એઆઈ આધારિત ફિલ્મ હોવાનો દાવો કરી રહ્યા છે. ફિલ્મની દરેક ફ્રેમ, ગીતો, સંવાદો, પાત્રોના એનિમેશન, લિપ-સિંક અને કેમેરા મૂવમેન્ટ સંપૂર્ણપણે એઆઈ દ્વારા બનાવવામાં આવ્યા છે ‘લવ યુ’ ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી યુ /એ પ્રમાણપત્ર મળ્યું છે. ફિલ્મની દરેક ળેમ, ગીતો, સંવાદો, પાત્રોના એનિમેશન, લિપ-સિંક અને કેમેરા મૂવમેન્ટ સંપૂર્ણપણે એઆઈ દ્વારા બનાવવામાં આવ્યા છે. તેમાં ૧૨ ગીતો પણ શામેલ છે, આ ફિલ્મ માત્ર ટેકનોલોજી સાથેના નવા પ્રયોગોનું પ્રતીક નથી. જે એઆઈ દ્વારા બનાવવામાં આવ્યા છે. નરસિંહમૂર્તિએ તેને ડિજિટલ ચમત્કાર ગણાવ્યો છે.આ ફિલ્મ માત્ર ટેકનોલોજી સાથેના નવા પ્રયોગોનું પ્રતીક નથી, પરંતુ ઓછા બજેટવાળા પ્રાદેશિક સિનેમા માટે પણ એક ઉદાહરણ છે. સોશિયલ મીડિયા પર આ ફિલ્મને લઈને ઘણો ઉત્સાહ છે. વપરાશકર્તાઓ તેને સિનેમા અને ટેકનોલોજીના સંગમનું એક ઉત્તમ ઉદાહરણ ગણાવી રહ્યા છે.

### અભિનીત ફિલ્મ એલઓસી કારગિલ પણ ફ્લોપ હતી

# સૈફની કરીના સાથેની ફિલ્મો સુપર ફ્લોપ રહી હતી

સૈફ અલી ખાન ભલે અભિનેત્રી શર્મિલા ટાગોરનો પુત્ર હોય, પરંતુ તેણે પોતાની મહેનતથી હિન્દી ફિલ્મોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આજે તે ઉદ્યોગના ટોચના અભિનેતા ઓમાંના એક છે, પરંતુ તેમની કેટલીક ફિલ્મો એવી છે જે બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી શકી નથી. સૈફ અલી ખાને ૧૯૯૩માં ફિલ્મ પરંપરાથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ પછી, સૈફે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાંથી કેટલીક સુપરહિટ રહી છે અને કેટલીક ફ્લોપ રહી છે.રાની મુખર્જી, સિદ્ધાંત ચતુર્વેદી અને શર્વરી વાળા સાથેની સૈફની ફિલ્મ બંટી ઔર બબલી ૨ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. સૈફની ફિલ્મ રંગૂન પણ નિષ્ફળ ગઈ. આ ફિલ્મમાં સૈફ સાથે કંગના રનૌત અને શાહિદ કપૂર પણ હતા કેટરિના કૈફ સાથેની ફિલ્મ ફેન્ટમ પણ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી.જયારે ગોવિંદા, ઈલિયાના ડી’ક્રુઝ અને કલ્કી કોચલીન સાથેની સૈફ અલી ખાનની ફિલ્મ હેપ્પી એન્ડિંગ પણ ફ્લોપ રહી હતી.સૈફ અલી ખાનની ફિલ્મ હમશકલ્સ, જેમાં રિતેશ દેશમુખ, તમન્ના ભાટિયા અને એશા ગુપ્તા પણ હતા, તે પણ ફ્લોપ રહી હતી. કરીના કપૂર ખાન સાથે સૈફની ફિલ્મ એજન્ટ વિનોદ પણ ફ્લોપ રહી હતી. દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન સાથેની રિઝર્વેશન પણ ફ્લોપ રહી. કરીના કપૂર ખાન સાથે સૈફ અલી ખાનની ફિલ્મ કુરબાન પણ ફ્લોપ રહી હતી. કરીના કપૂર અને અજય દેવગન સાથેની સૈફની ફિલ્મ ઓમકારા પણ ફ્લોપ રહી હતી.અજય દેવગન, સંજય દત્ત, અભિષેક બચ્ચન, રાની મુખર્જી, અક્ષય ખન્ના અને કરીના કપૂર અભિનીત ફિલ્મ એલઓસી કારગિલ પણ ફ્લોપ રહી હતી.



### આ વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી તમિલ ફિલ્મ છે

# એક ગીત માટે નિર્માતાને ૫ કરોડની નોટિસ

ભારતના સૌથી પ્રખ્યાત સંગીતકાર અને તમિલ ઉદ્યોગના પ્રતિષ્ઠિત સંગીતકાર ઈલૈયારાજા છેલ્લા ઘણા વર્ષોથી તેમના ગીતોના કોપીરાઈટને લઈને અનેક કાનૂની કેસ લડી રહ્યા છે. હવે તેમણે તમિલ સ્ટાર અજિત કુમારની ફિલ્મ ‘ગુડ બેડ અગ્લી’ના નિર્માતાઓને નોટિસ મોકલી છે. ઈલૈયારાજાના આ એક્શનને લઈને તમિલ ફિલ્મ ઉદ્યોગમાં વિવાદ શરૂ થઈ ગયો છે. ‘ગુડ બેડ અગ્લી’ આ વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી તમિલ ફિલ્મ છે, તેથી લોકો ઈલૈયારાજા દ્વારા ગીતના નાના ભાગનો ઉપયોગ કરવા બદલ નારાજ છે. તેમનો રેકોર્ડ એવો રહ્યો છે કે તેઓ તેમના ગીતોના ઉપયોગ અંગે ખૂબ જ સક્રિય છે. તેમની પરવાનગી વિના કંઈક થાય કે તરત જ તેઓ ફિલ્મ નિર્માતાઓને નોટિસ મોકલે છે.ઈલૈયારાજાએ તેમના વકીલ દ્વારા ફિલ્મની પ્રોડક્શન કંપની મૈત્રી મુવી મેકર્સને નોટિસ મોકલી છે, જેમાં તેમના ત્રણ ગીતોનો ઉપયોગ કરવા બદલ ૫ કરોડ રૂપિયાનું વળતર માંગવામાં આવ્યું છે. ઈલૈયારાજાએ ‘ગુડ બેડ અગ્લી’ના નિર્માતાઓને ફિલ્મમાંથી તેમનું ગીત દૂર કરવા અને બિનશરતી માફી માંગવા માટે ૭ દિવસનો સમય આપ્યો છે.તમિલ સંગીત ઉદ્યોગમાં ઈલૈયારાજાની ભૂમિકા શું છે તે આના પરથી સમજી શકાય છે કે ઘણી નવી ફિલ્મોના મહત્વપૂર્ણ દ્રશ્યોમાં, જો પાત્રો કોઈ ગીત ગુંજી રહ્યા હોય, અથવા તે રેડિયો પર વાગી રહ્યું હોય અથવા તેઓ સીટી વગાડી રહ્યા હોય... તો એવી શક્યતા વધુ છે કે તે ઈલૈયારાજાએ રચિત સૂર હશે. ૫૦ વર્ષથી વધુની કારકિર્દી અને ૧,૦૦૦ થી વધુ ફિલ્મો માટે ૭,૦૦૦ થી વધુ ગીતો રચવા સાથે, ઈલૈયારાજાનો તમિલ સમાજ પર મોટો સાંસ્કૃતિક પ્રભાવ છે.



### સંજય લીલા ભણશાળીને શૂટિંગમાં મોડું થયું

# ટક્કર ટાળવા લવ એન્ડ વોર પાછી ઠેલાશે

## શૂટિંગ નવેમ્બર મહિનામાં કરવામા આવશે અને જાન્યુઆરીમાં પુરૂ કરવામાં આવશે

રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલની ‘લવ એન્ડ વોર’ આગામી માર્ચ ૨૦૨૬માં રીલિઝ થવાની શક્યતા ધૂંધળી બની છે. આ ફિલ્મનાં શૂટિંગમાં ધાર્યા કરતાં વધારે સમય લાગી રહ્યો છે અને બાદમાં પોસ્ટ પ્રોડક્શનમાં પણ વધારે સમય જાય તેમ છે. જોકે, ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર યશની ‘ટોક્સિક’ અને રણબીરની ‘લવ એન્ડ વોર’ની ટક્કર ટાળી બંને ફિલ્મોને નુકસાન અટકાવવા આ નિર્ણય લેવાયો હોય તેવી શક્યતા છે. રણબીર અને યશ ‘રામાયણ’માં સાથે કામ કરી રહ્યા છે. આથી બંને વચ્ચે સંતલસ બાદ બોક્સ ઓફિસ પર ટક્કર ટાળવાનું નક્કી થયું હોય તે બનવાજોગ છે. ‘લવ એન્ડ વોર’માં એક મેગા વોર સીકવન્સનું શૂટિંગ નવેમ્બર મહિનામાં કરવામા આવશે અને જાન્યુઆરીમાં પુરુ કરવામાં આવશે કદાચ ‘લવ એન્ડ વોર’ લંબાઈ રહી હોવાનું કન્ફર્મ થયા બાદ પણ યશે તેની ‘ટોક્સિક’ની રીલિઝ ડેટમાં ફેરફાર કર્યો હોય તે પણ શક્ય છે. ‘લવ એન્ડ વોર’માં એક મેગા વોર સીકવન્સનું શૂટિંગ નવેમ્બર મહિનામાં કરવામા આવશે અને જાન્યુઆરીમાં પુરુ કરવામાં આવશે. તે પછી પોસ્ટ પ્રોડક્શનમાં કેટલાક મહિનાઓ જાય તેવી સંભાવના છે. આથી ફિલ્મ મે અથવા તો જૂન ૨૦૨૬ સુધી પણ ઠેલાઈ શકે છે.




# બોલિવૂડથી બહેતર કોઈ ઇન્ડસ્ટ્રી નથીઃ આમિર

## ઘણા સમયથી બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં કોઈ પણ ફિલ્મ બ્લોકબસ્ટર હિટ ન રહી

ઘણા સમયથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં કોઈ પણ ફિલ્મ બ્લોકબસ્ટર હિટ રહી નથી. ભલે તે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી હોય, પરંતુ તેમાંથી કોઈ પણ ફિલ્મો કોરોના વાયરસ પહેલા જેટલી મોટી કમાણી કરતી જોવા મળી નથી. તાજેતરમાં, અભિનેતા-નિર્માતા આમિર ખાને એક નિવેદનમાં કહ્યું હતું કે તેમને નથી લાગતું કે હિન્દી ફિલ્મો બાકીના ફિલ્મ ઉદ્યોગ કરતા કંઈ ઓછું કરી રહી છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગની ગુણવત્તા પણ ખૂબ સારી અને સારી છે. આમિરે કહ્યું કે બોલિવૂડ પહેલા કરતાં ઘણું સારું થઈ ગયું છે. ૧૯૭૦-૮૦ના દાયકાથી બોલિવૂડમાં ઘણા ફેરફારો થયા છે જે ઘણા સારા છે. પરંતુ આજકાલ કોઈ ફિલ્મ થિયેટરોમાં ચાલી રહી નથી, તેથી આ એક એવો તબક્કો છે જે ટૂંક સમયમાં જતો રહેશે. ફિલ્મ નિર્માણમાં હંમેશા સુધારાની તક રહી છે. પરંતુ આપણે એવું ન કહી શકીએ કે હિન્દી સિનેમાના નિર્માતાઓ ગુણવત્તા સાથે સમાધાન કરી રહ્યા છે.હું એમ નથી કહેતો કે આપણે સારા ફિલ્મ નિર્માતાઓ બની શકતા નથી. આપણે અન્ય ફિલ્મ ઉદ્યોગો પાસેથી શીખી શકીએ છીએ, પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે સારા ફિલ્મ નિર્માતાઓ બની શકતા નથી.“જો તમે ફિલ્મોની ગુણવત્તા જુઓ, જો હું ૭૦ અને ૮૦ના દાયકાની વાત કરું તો, હું ૧૯૮૮ માં ફિલ્મ ઉદ્યોગમાં આવ્યો હતો. તે સમય દરમિયાન, ઓછી ફિલ્મો બની હતી. ત્યારથી આપણે ફક્ત સારું પ્રદર્શન કર્યું છે. પરિસ્થિતિ બદલાઈ છે. કેટલીક અલગ પ્રકારની ફિલ્મો થોડી સારી કામગીરી કરી રહી છે. મને લાગે છે કે દરેક ક્ષેત્રમાં ઉતાર-ચઢાવ આવે છે. આપણે અત્યારે નીચે જઈ રહ્યા છીએ, પરંતુ આ આપણા માટે કંઈ નવું નથી. આ એક ચક્ર છે.વર્કફ્રન્ટની વાત કરીએ તો, આમિર ખાન છેલ્લે ‘લાલ સિંહ ચઢ્ઢા’માં જોવા મળ્યો હતો. આ ફિલ્મનું નિર્માણ પણ આમિર દ્વારા જ કરવામાં આવ્યું હતું.



### ઝાલોદ હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા

# પહલગામમા થયેલ આતંકવાદી હુમલા વિરુદ્ધ નગર બંધના એલાનને સજ્જડ પ્રતિસાદ મળ્યો

## હિન્દુ સમાજ, ઘાંચી સમાજ, વ્હોરા સમાજ દ્વારા બંધના એલાનને સંપૂર્ણ સમર્થન આપવામાં આવ્યું




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ભારતના જમ્મુ કાશ્મીર સ્થિત પહલગામની બૈસરન ખીણમાં પાકિસ્તાન સમર્થિત ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા ધર્મ અને જાતિ પૂછી છબ્બીસ જેટલા હિન્દુઓની બર્બરતા પૂર્વક જે હત્યા કરવામાં આવી તેના વિરોધમાં આખા ભારત દેશમાં રોષ ફાટી નીકળેલ હતો. દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં ૨૫-૦૪-૨૦૨૫ ના રોજ આતંકવાદીઓએ હિન્દુઓ ને ક્રૂરતા પૂર્વક જાણી ને જે હત્યા કરી છે તે આતંકવાદને વખોડવા ઝાલોદ નગર બંધનું આહ્વાન હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા આપવામાં આવ્યું હતું.





આજના બંધના આહવાનને ઝાલોદ નગરજનોએ સ્વેચ્છાએ વધાવી લેતા આખું નગર સંપૂર્ણ બંધ રહેલ હતું. આજે સવારે ૧૦ કલાકે મુવાડા રામજી મંદિર થી હિન્દુ એકતા દર્શાવવા માટે એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ આ બાઈક રેલીમાં મોટા પ્રમાણમાં નગરજનો જોડાઈ સુંદર સહકાર આપી હિન્દુ એકતાનો સુંદર પરિચય આપ્યો હતો. ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારમાં પાકિસ્તાન દ્વારા જે ભારતમાં આતંકવાદ ફેલાવવામાં આવી રહેલ છે તેના રોષ સ્વરૂપે પાકિસ્તાનના ધ્વજ રોડ પર પાથરવામા આવ્યો હતો અને લોકોએ આક્રોશ રૂપે આ આતંકવાદી દેશના ધ્વજ પર મોટર સાયકલ તેમજ વાહનો ચલાવ્યા હતા. તેમજ હિન્દુ સંગઠનોમા રોષ વધુ આકરો બનતા પાકિસ્તાનના ધ્વજને બાળીને પાકિસ્તાન હાય હાયના નારા લગાવ્યા હતા.

ઝાલોદ મુસલમાન ઘાંચી સમાજ દ્વારા પણ આ આતંકવાદી કૃત્યને સખત શબ્દોમાં વખોડવામા આવ્યું હતું. મુસલમાન ઘાંચી સમાજ દ્વારા ઝાલોદ પ્રાંત અધિકારીનેને એક આવેદનપત્ર આપી આતંકવાદ ફેલાવનાર તત્વો સામે કડકમાં કડક સજા થાય તેવી માંગ કરવામાં આવી હતી. ઝાલોદ ડોક્ટર તેમજ મેડિકલ એસોસિએશન દ્વારા પણ આતંકવાદના વધતા સ્વરૂપનો વિરોધ કર્યો હતો. તેમજ વડબજાર થી એક રેલી કાઢી આતંકવાદમા માર્યા ગયેલ પરિવારજનોને ન્યાય મળે તે માટે માંગ કરી હતી તેમજ ભારત દેશમાં થતા આતંકવાદી હુમલાને સખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. ઝાલોદ હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા સાંજે ચાર કલાકે આતંકવાદી હુમલામાં નિર્દોષ હિન્દુઓ જે શહિદ થયેલ છે તેઓના આત્માને શાંતિ મળે તેમજ પરિવારના માથે પોતાના સ્વજન છીનવાઈ ગયેલ છે તેના દુખ વ્યક્ત કરતા વિવિધ બેનર પોસ્ટર સાથે ભરત ટાવર થી એક પૈદલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જે રેલી ભરત ટાવર થી બસ સ્ટેશન, આંબેડકર ચોક, મોચી દરવાજા, શહિદ રાજેશ ચોક, ગીતા મંદિર, કોળિવાડા, મીઠાચોક, રામ સાગર તળાવ, સોમનાથ મહાદેવ મંદિર, લુહારવાડા, વડબજાર થઈ ભરત ટાવર પર પૂર્ણ કરવામાં આવી હતી. રેલી બાદ ભરત ટાવર પર મૃતક આત્માને શાંતિ મળે તે માટે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું ત્યારબાદ મૃતક આત્માને શ્રદ્ધાંજલિ આપી છેલ્લે આતંકવાદના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું. આખા દિવસ દરમિયાન પહલગામમા જે નિર્દોષ હિન્દુઓ આતંકવાદ ને લઈ મૃત્યુ પામેલ છે તેનો રોષ નગરજનોમા જોવા મળતો હતો. નગરજનોમા આતંકવાદી પ્રવૃત્તિ કરતા પાકિસ્તાન સમર્થિત ઈસ્લામિક આતંકવાદીઓને જલ્દીમા જલ્દી સજા મળે તેવી માંગ કરેલ હતી. દિવસભર ચાલેલા આક્રોશ રૂપના પ્રોગ્રામમાં પોલિસ તંત્ર પણ એલર્ટ થઈ ગયેલ હતું તેમજ નગરમાં સતત પેટ્રોલીંગ તેમજ અલગ અલગ વિસ્તારોમાં પોલિસ પોઈન્ટ મૂકી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટેની પોલીસ તંત્રની ભૂમિકા પણ સુંદર જોવા મળતી હતી.

# પોરબંદરઃ ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજ્યકક્ષાની જુડો સ્પર્ધાનો સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર ખાતે શુભારંભ કરાવ્યો

## રાજયકક્ષા જુડો અં-૧૪, ૧૭, ઓપન એઇજ ભાઈઓ-બહેનોની સ્પર્ધા તા.૬ મે સુધી યોજાશે

। (માહિતી) પોરબંદર, તા.૨૫ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજયકક્ષા જુડો અં-૧૪, ૧૭, ઓપન એઈજ ભાઈઓ-બહેનોની સ્પર્ધાનો ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર ખાતે શુભારંભ કરાવ્યો હતો.આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી એસ. ડી. ધાનાણી,જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી બી ચૌધરી, જિલ્લા પોલીસ વડા શ્રી ભગીરથસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.



ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું. કે, પોરબંદર સરદાર પટેલ રમત સંકુલ ખાતે સ્વિમિંગ પુલ,હોસ્ટેલ અને એર કન્ડિશન ડોમ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવશે અને જિલ્લામાં રમત ગમત ક્ષેત્રની તમામ સગવડતાઓ ઊભી થાય તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અને વધુમાં તેમણે રમત ગમત વિષય પર પ્રેરક પ્રવચન આપીને સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પશ્ચિમ રેલ્વે દ્વારા ચાર જોડી વિશેષ ટ્રેનોના ફેરા વિસ્તૃત

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલ્વેએ પ્રવાસીઓની સુવિધા માટે અને ખાસ કરીને ઉનાળાની ઋતુ દરમિયાન તેમની યાત્રાની માંગને પહોંચી વળવા માટે ખાસ ભાડા પર ૪ જોડી વિશેષ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નં. ૦૯૦૦૧/૦૯૦૦૨ મુંબઈ સેન્ટ્રલ-ખાતીપુરા સુપરફાસ્ટ (ત્રિ-સાપ્તાહિક) સ્પેશિયલ

ટ્રેન નં. ૦૯૦૦૧ મુંબઈ સેન્ટ્રલ-ખાતીરા સ્પેશિયલ ૨૬ મે, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૨ ખાતીપુરા-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ૨૭ મે, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નં. ૦૯૦૦૩/૦૯૦૦૪ મુંબઈ સેન્ટ્રલ-દિલ્હી સુપરફાસ્ટ (દ્વિ-સાપ્તાહિક) સ્પેશિયલ

ટ્રેન નં. ૦૯૦૦૩ મુંબઈ સેન્ટ્રલ-દિલ્હી સ્પેશિયલ ૨૭ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૪ દિલ્હી-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ૨૮ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૦૦૭/૦૯૦૦૮ વલસાડ-ખાતીપુરા (સાપ્તાહિક) સ્પેશિયલ

ટ્રેન નં. ૦૯૦૦૭ વલસાડ-ખાતીપુરા સ્પેશિયલ ૨૨ મે, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૮ ખાતીપુરા-વલસાડ સ્પેશિયલ ૨૩ મે, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નં. ૦૯૪૨૫/૦૯૪૨૬ સાબરમતી-હરિદ્વાર (દ્વિ-સાપ્તાહિક) સ્પેશિયલ

ટ્રેન નં. ૦૯૪૨૫ સાબરમતી - હરિદ્વાર સ્પેશિયલ ૨૯ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૨૬ હરિદ્વાર - સાબરમતી સ્પેશિયલ ટ્રેન ૩૦ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૦૦૧ અને ૦૯૦૦૭ ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ શરૂ થઈ ગયું છે અને ટ્રેન નંબર ૦૯૦૦૩ અને ૦૯૪૨૫ માટે બુકિંગ ૨૬ એપ્રિલ, ૨૦૨૫ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, પ્રવાસીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર, દક્ષિણ ગુજરાત વિભાગના પ્રગતિશીલ ખેડૂતો અને ઈમારતી લાકડાના વેપારીઓ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની મુલાકાતે



। (માહિતી) નવસારી, તા.૨૫ ।

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી તથા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર, યુવાસંઘ, દક્ષિણ ગુજરાતના સંયુકત ઉપક્રમે કૃષિ અને પર્યાવરણ થીમ આધારિત કાર્યક્રમનું આયોજન કુલપતિશ્રી ડૉ.ઝેડ.પી.પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં કેવિકેના વડા ડૉ. કે.એ.શાહે સ્વાગત પ્રવચન કરતાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિલક્ષી તજજ્ઞતાઓ/ભલામણો/ આધુનિકમાહિતી ખેડૂતો સુધી સચોટ અને ઝડપભેર પહોંચાડવા માટે કરવામાં આવતી પ્રવૃતિઓ વિશેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમના અધ્યક્ષ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. હેમંત શર્માએ યુવાપેઢીને ખેતી તરફ વાળવા તથા તેઓને કૃષિલક્ષી અભ્યાસક્રમો સામેલ કરી ઉજજવળ ભવિષ્ય બનાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેઓએ અત્રેની યુનિવર્સિટી દ્વારા ચીકુમાંથી ગોળ, કેળના થડમાંથી નોવેલ પ્રવાહી જેવી મળીને કુલ ૧૭ જેટલી પેટર્ન કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે તેમ જણાવીને યુનિવર્સિટીના વિવિધ વિભાગોની મુલાકાત લઈને જરૂરી માહિતી મેળવી ખેતીમાં ઉદ્યોગલક્ષી સાહસિકતા કેળવી નવા ઉદ્યોગો એકમો સ્થાપી ખેડૂતોને મદદગાર થવા હાંકલ કરી હતી.

કેવિકેના ડૉ.દિલીતાબેને ધો.૧૦ અને ૧૨ પછી અત્રેની યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ ડીપ્લોમા અને ડિગ્રી કોર્ષ વિશેની માહિતી પૂરી પાડી હતી. અ.ભા.ક.ક.પા., યુવા સંઘ, દક્ષિણ વિભાગના ચેરમેન શ્રીવિશાલે સર્વેને ખેતીક્ષેત્રે ઉજજવળ ભવિષ્ય બનાવવા તથા ખેતીક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન મેળવી પગભર બનવા તેમજ નવા ખેતીલક્ષી લઘુ વ્યવસાય સ્થાપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તેમ જણાવ્યું હતું.

# વડોદરા શહેરમાં નવનિર્મિત પોલીસ આવાસનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

## માંજલપુર અને ગોરવા પોલીસ સ્ટેશનના ઈ-ખાતમુહૂર્ત સાથે એસ. પી. ઓફિસ અને આઈ.જી. ઓફિસનું ભૂમિપૂજન પણ કર્યું







। (માહિતી) વડોદરા, તા.૨૫ ।

વડોદરાની મુલાકાતે આવેલા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વડોદરા શહેરના પોલીસકર્મીઓને માળખાકીય સુવિધાઓ મળે તે માટે નવનિર્મિત પોલીસ આવાસનું લોકાર્પણ કર્યું હતું. પ્રતાપ નગર સ્થિત પોલીસ હેડક્વાર્ટર ખાતે આયોજીત કાર્યક્રમથી જ મંત્રીશ્રીએ માંજલપુર પોલીસ સ્ટેશન અને ગોરવા પોલીસ સ્ટેશનનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. તદુપરાંત એસ. પી. ઓફિસ (વડોદરા ગ્રામ્ય) અને આઈ. જી. ઓફિસ (વડોદરા રેન્જ)નું ભૂમિપૂજન મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

લોકાર્પિત થનાર પોલીસ આવાસમાં પ્રતાપ નગર ખાતે બી કક્ષાના ૩૩૬ આવાસ, અકોટા ખાતે બી કક્ષાના ૭૨ આવાસ તેમજ લાલબાગ એસ.આર.પી. ગ્રુપ-૧ ખાતે બી કક્ષાના ૭૨ આવાસ એમ કુલ ૪૮૦ સુવિધાસભર રહેણાંક આવાસનો સમાવેશ થાય છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે પોલીસ દળોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ ઈમારતો ગુજરાત પોલીસના કર્મચારીઓ અને તેમના પરિવારોને સુવિધાસંપન્ન અને આધુનિક આવાસ પ્રદાન કરીને તેમની જીવનશૈલીમાં પણ સુધારો કરશે. આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી પોલીસ કમિશનરશ્રી નરસિમ્હા કોમર, જિલ્લા કલેક્ટર ડો. અનિલ ધામેલિયા, રેન્જ આઈજીશ્રી સંદીપ સિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રોહન આનંદ, વડોદરા શહેર પોલીસ અને ગ્રામ્ય પોલીસના ઉચ્ચ અધિકારીશ્રીઓ, પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઇ




। (માહિતી) સાબરકાંઠા, તા.૨૫ ।

સાબરકાંઠામાં પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના ચેરપર્સનશ્રી કું કૌશલ્યા કુંવરબાની ઉપસ્થિતિમાં આરોગ્ય શાખા જિલ્લા પંચાયત હિંમતનગર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બે નવીન સોનોગ્રાફી મશીન અને ત્રણ સોનોગ્રાફિ રજીસ્ટ્રેશન રીન્યુઅલની દરખાસ્તનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમજ જમ્મુ કાશ્મિરના પહલગામમાં થયેલા આતંકી હુમલામા શહીદ થયેલા નિર્દોશ લોકોને મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પી હતી.આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા વિકાસ અધિકારીશ્રી હનુલ ચૌધરીએ ગોબરધન પ્રોજેક્ટ અને સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને સન્માનિત કર્યા



। (માહિતી) ભાવનગર, તા.૨૫ ।

આજે ૨૪મી એપ્રિલ,૨૦૨૫ના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જયશ્રીબેન જરુએ મહુવા તાલુકાના સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાના કલસ્ટર કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શ્રી ગોવિંદભાઈ શિયાળ, શ્રી નીતિનભાઈ પરમાર અને પાયલબેન મારૂનું ગોબરધન પ્રોજેક્ટ; તેમજ વલ્લભીપુર તાલુકાના મૂળધરાઈ ગામના સરપંચશ્રી તથા તલાટીશ્રીને સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરાયાં હતાં.આ તકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહી ઉત્કૃષ્ટ કામગીરી કરનારને બિરદાવ્યા હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે, કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામ ની તાણ અથવા સ્ટ્રેસ ને અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

**કર્ક (ડ,હ) :**
તમારે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

**તુલા (ર,ત) :**
આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા, આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલીમાંથી પસાર થયી રહ્યા હતા.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સવારે કરવામાં આવેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે રોજિંદા ઉપયોગમાં લઈ શકાય. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**મકર (ખ,જ) :**
આજે આનંદથી ભરેલો સારો દિવસ રહેશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે માનો કે ન માનો પણ તમને કોઈક બહુ જ નિકટથી જોઈ રહ્યું છે અને તમને પોતાનો રૉલ મૉડૅલ ગણે છે- વખાણ થાય એવા જ કાર્યો કરો- જે તમારી શાખમાં વધારો કરે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજનો દિવસ ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો રહેશે જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે.

## પાકિસ્તાનને નહીં આપો તો પાણી ભેગું ક્યાં કરશો?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહલગામ આતંકવાદી હુમલાના પગલે સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપ્યા બાદ, AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ આતંકવાદી હુમલાની કડક નિંદા કરી અને પાકિસ્તાન સામે કડક કાર્યવાહીની માંગ કરી. તેમણે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના સરકારના નિર્ણયની પણ પ્રશંસા કરી. આ મામલે ઓવૈસીએ કહ્યું કે, સિંધુ જળ સંધિ પર રોક લગાવવામાં આવી એ ખૂબ સારી વાત છે, પરંતુ આપણે પાણી ક્યાં રાખીશું? કેન્દ્ર સરકાર જે પણ નિર્ણય લેશે, અમે તેને સમર્થન આપીશું. આ કોઈ રાજકીય મુદ્દો નથી. ઓવૈસીએ આ મામલે વધુમાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આતંકવાદી જૂથને આશ્રય આપનાર દેશ સામે કાર્યવાહી કરી શકે છે. આંતરરાષ્ટ્રીય કાયદો આપણને સ્વ-બચાવમાં પાકિસ્તાન સામે હવાઈ અને નૌકાદળ નાકાબંધી લાદવાની અને પાકિસ્તાનને શસ્ત્રોના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની પણ મંજૂરી આપે છે.

## PSLની મેચો હવે ભારતમાં બતાવવા પર રોક લગાવાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહલગામમાં થયેલા હુમલા બાદ સમગ્ર દેશ એકજૂટ થઈને પાકિસ્તાનનો બહિષ્કાર કરવામાં લાગી ગયો છે અને તેનાથી રમતજગત પણ બાકાત નથી. પાકિસ્તાનમાં ચાલી રહેલી ક્રિકેટ લીગ PSLનું ભારતમાં પ્રસારણ પર પણ રોક લગાવવાના સમાચાર આવી રહ્યા છે. રિપોર્ટની વાત માનીએ તો, PSLના સત્તાવાર ડિજિટલ બ્રોડકાસ્ટર FANCODE એપે PSLને ભારતમાં પ્રસારણ પર રોક લગાવવાનો નિર્ણય લીધો છે એટલે કે હવે ભારતમાં PSLની મેચ જોઈ શકાશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, FANCODEએ આજે એટલે કે ૨૪ એપ્રિલથી પાકિસ્તાનમાં ચાલી રહેલી ક્રિકેટ સુપર લીગ PSL 2025ના પ્રસારણને ભારતમાં રોકવાનો નિર્ણય લીધો છે.

## રાજસ્થાનનનો ૧૧ રને પરાજય, RCBની ઘરઆંગણે પ્રથમ જીત

। (એજન્સી) બેંગ્લોર, તા.૨૫ ।

આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે રાજસ્થાનનો ૧૧ રને પરાજય થયો હતો. આરસીબીએ આ સિઝનમાં ઘરઆંગણે ત્રણ પરાજય બાદ પ્રથમ જીત નોંધાવી હતી. આરસીબીએ કોહલીના ૭૦ રન તથા પડિક્કલના ૫૦ રનની મદદથી નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટે ૨૦૫ રનનો લડાયક સ્કોર નોંધાવ્યો હતો. જવાબમાં રાજસ્થાન નવ વિકેટે ૧૯૪ રન કરી શક્યું હતું. મેન ઓફ ધ મેચ હેઝલવુડે ૩૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી.રાજસ્થાનને છેલ્લી બે ઓવરમાં જીત માટે ૧૮ રનની જરૂર હતી અને પાંચ વિકેટ હતી ત્યારે હેઝલવુડે ૧૯મી ઓવરમાં જુરેલ (૪૭) તથા આર્ચરની બે બોલમાં બે વિકેટ ઝડપી અને ફક્ત એક રન આપ્યો હતો.

### વિમાની કંપનીઓએ વૈકલ્પિક લાંબો રૂટ અપનાવવો પડશે

# પાકિસ્તાને ભારત માટે તેની એરસ્પેસ બંધ કરી દેતાં વિમાની મુસાફરોની હાલાકી વધશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



પાકિસ્તાને એરસ્પેસ બંધ કરી દેતાં દિલ્હી અને ઉત્તરના રાજ્યોના ખાસકરીને દિલ્હી અને ઉત્તરના અન્ય શહેરોની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને તેમના નિયત સ્થળે પહોંચવામાં લાંબો સમય લાગશે. જેને કારણે ભાડું નજીકના ભવિષ્યમાં ૮થી ૧૨ ટકાની આસપાસ વધવાની સંભાવના છે. ભારતની વિમાની કંપની એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ ગુરુવારે કહ્યું હતું કે પાકિસ્તાની એરસ્પેસ બંધ થતાં તેની કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને અસર થઈ છે. ટાટા જૂથની માલિકીની વિમાની કંપનીએ ઉલ્લેખ કર્યો હતો કે નોર્થ અમેરિકા, યુકે, યૂરોપ અને મધ્ય-પૂર્વના દેશોને કનેક્ટ કરતી ફ્લાઈટ્સને હવે વૈકલ્પિક લાંબો રૂટ અપનાવવો પડશે. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા ઉપરાંત એર ઈન્ડિયા એક્સપ્રેસ અને સ્પાઈસ જેટ પણ આંતરરાષ્ટ્રીય વિમાનોનું સંચાલન કરે છે. ઉત્તર ભારતના શહેરોથી પશ્ચિમના દેશો તરફ ઉડતી ફ્લાઈટ્સને વધુ અસર થશે. હવે તેમને આરબના દરિયાનો રૂટ અપનાવવો પડશે. લાંબા રૂટને કારણે વિમાની કંપનીઓનો ઈંધણ વધુ વપરાશે અને પરિણામે ખર્ચ વધી જશે. ઉપરાંત પે લોડના પ્રશ્નો પણ ઊભા થશે. એક પોસ્ટમાં એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે તમામ ભારતીય વિમાની કંપનીઓ માટે પાકિસ્તાન એરસ્પેસના નિયંત્રણોની જાહેરાતને કારણે વૈકલ્પિક માર્ગ અપનાવવો પડશે. તેણે આ સ્થિતિ બદલ મુસાફરોને થયેલી અવગણતા બદલ દિલગીરી પણ વ્યક્ત કરી હતી. જોકે તેણે સ્પષ્ટ કર્યું હતું કે મુસાફરો અને ક્રૂની સલામતી અમારા માટે મહત્વની છે. એર ટ્રાફિક કન્ટ્રોલરે જણાવ્યું હતું કે અમેરિકા અને યૂરોપની કેટલીક ફ્લાઈટ્સનો સમય આશરે બે થી અઢી કલાક લંબાઈ જશે. વિમાની કંપનીઓ તેમની વિમાનની યોજના જણાવશે પછી જ ચિત્ર સ્પષ્ટ થશે. જાણવાની વાત એ છે કે પાકિસ્તાની એરસ્પેસ ભારત માટે અત્યંત મહત્વનું છે કેમ કે ભારતીય વિમાની કંપનીઓ તેનો વ્યાપક ઉપયોગ કરે છે. વિમાની ઉદ્યોગ જગતના લોકોનું કહેવું છે કે પાકિસ્તાની એરસ્પેસ બંધ થતાં ભાડમાં આઠથી ૧૨ ટકાનો વધારો સંભવ છે. જો આ લાંબો સમય સુધી ચાલશે તો હવાઈ ભાડું વધુ વધી શકે છે. ફ્લાઈટનો સમય હાલ કરતાં વધી જશે તો તેના પરિણામે પે લોડનો મુદ્દો ઊભો થશે અને આથી વિમાની કંપનીઓએ વિમાનોમાં વજન ઓછું રહે તેની પણ કાળજી રાખવી પડશે. આમ ઓપરેશન કોસ્ટ્સ વધતા તેમજ પેલોડ નિયંત્રણોને કારણે વિમાની કંપનીઓની નાણાકીય સ્થિતિ ડામાડોળ થઈ શકે છે. આમેય હાલમાં જ આ કંપનીઓની સ્થિતિ સારી નથી. તેઓ ઓછા માર્જિનથી કામગીરી કરી રહી છે.

## 'પાકિસ્તાનમાં ઘૂસી કાર્યવાહી કરશો તો પણ અમારો ટેકો'



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બ્રિટનના સાંસદોએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી છે. બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ આશા વ્યક્ત કરી કે હુમલા પાછળના ગુનેગારોને ટૂંક સમયમાં કાર્યવાહી કરાશે. સંસદમાં પોતાના ભાષણમાં તનમનજીત સિંહ ઢેસીએ નાગરિકો પર થયેલા આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, 'હું પીડિતોના પરિવારો માટે પ્રાર્થના કરી રહ્યા છે.' નોંધનીય છે કે, પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૮ લોકોનાં મોત થયા છે.આ દરમિયાન બ્રિટનના સાંસદ બોબ બ્લેકમેને ભારતનું સમર્થન કરતાં એક સશક્ત અને ભાવનાત્મક નિવેદન આપતાં કહ્યું કે ભારત સરકાર હવે જે પણ પગલું ભરવા ઈચ્છે ભલે પછી તે સૈન્ય કાર્યવાહી કેમ ના હોય અમે તેને પૂરેપૂરો ટેકો આપીશું. અમે અહીં દુઃખ વહેંચવા એકઠા થયા છીએ. આતંકી હુમલો સમગ્ર માનવતા પર હુમલો ગણાય છે. ધાર્મિક આધાર પર નફરતને સાંખી નહીં લેવાય. મારો વ્યક્તિગત અભિપ્રાય છે કે ભારત જે કોઈ કાર્યવાહી કરે તેને આપણે ટેકો આપવો જોઈએ ભલે પછી એલઓસી પાર કરીને સૈન્ય કાર્યવાહી કેમ ન કરવામાં આવે.બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ કહ્યું કે, 'આ અઠવાડિયે પોપ ફ્રાન્સિસના દુઃખદ અવસાન પર આપણે શોક વ્યક્ત કરી રહ્યા છીએ, પરંતુ આ અઠવાડિયે જમ્મુ અને કાશ્મીરમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાથી પણ હું ખૂબ જ દુઃખી છું. પીડિતોના પરિવારો મારી પ્રાર્થનામાં છે, અને મને નિષ્ઠાપૂર્વક આશા છે કે ગુનેગારોને ટૂંક સમયમાં સજા મળશે.'યુકે હાઉસ ઓફ કોમન્સના નેતા લ્યુસી પોવેલે પહેલગામમાં થયેલા હુમલાને કાયરતાનું કૃત્ય ગણાવ્યું અને કહ્યું કે, 'યુકે સરકારની સંવેદનાઓ અસરગ્રસ્ત લોકો સાથે છે, ખાસ કરીને જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે. કાશ્મીરમાં આ ભયાનક આતંકી હુમલો હતો. તે એક કાયરતાપૂર્ણ કૃત્ય હતું અને મારી અને સમગ્ર સરકારની સંવેદનાઓ અસરગ્રસ્તો સાથે છે, ખાસ કરીને જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે.'યુકેના સાંસદોની હાજરીએ આતંકવાદની નિંદા કરવા અને આતંકવાદ સામે એકતા સાધવાની આપણી સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. આ કાર્યક્રમમાં યુકેભરમાંથી ભારતીય ડાયસ્પોરા હાજર રહ્યા હતા, જેઓ પીડિતો અને તેમના પરિવારો સાથે શ્રદ્ધાંજલિ આપવા અને એકતા વ્યક્ત કરવા આવ્યા હતા.

### સરકારના પગલાંને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવ્યા

## પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ સામે અમેરિકાના ૧૨ રાજ્યો કોર્ટમાં પહોંચ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના એક ડઝન જેટલા રાજ્યોએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીને પડકારતો કેસ ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટમાં કર્યો છે. તેમનું કહેવું છે કે આ નીતિ ગેરકાયદેસર છે અને તેનાથી અમેરિકન અર્થતંત્રને નુકસાન પહોંચશે. આ દાવામાં દલીલ કરાઈ છે કે ટેરિફ લાદવાનું ટ્રમ્પનું પગલું કાયદેસર નથી, પરંતુ માત્ર વ્યક્તિગત 'મનોરંજન' છે તેમજ તે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈલકોનોમિક પાવર્સ એક્ટનો ભંગ કરે છે. રાજ્યોએ કોર્ટને ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવા અને ફેડરલ એજન્સીઓને તેનો અમલ કરતા અટકાવવા વિનંતી કરી છે. આ દાવો કરનાર રાજ્યોમાં ઓરેગોન, એરિઝોના, કોલોરાડો, કનેક્ટિકટ, ડેલવેર, ઈલિનોઈસ, મેઈન, મિનેસોટા, નેવાડા, ન્યુ મેક્સિકો, ન્યુ યોર્ક અને વર્મોન્ટનો સમાવેશ થાય છે. એરિઝોનાના એટર્ની જનરલ ક્રિસ મેયસે ટ્રમ્પના અભિગમને ''પાગલ'' તરીકે ગણાવી દીધો છે. તેમણે કહ્યું છે કે આ પગલું આડેધડનું જ નહિ પરંતુ ગેરકાયદેસર પણ છે. કનેક્ટિકટના એટર્ની જનરલ વિલિયમ ટોંગે પણ તેમાં સૂર પૂરાવ્યો છે અને ટેરિફને ''કનેક્ટિકટ પરિવારો પરનો મોટો કર અને વ્યવસાયો અને નોકરીઓ માટે આપત્તિ'' ગણાવી હતી. દાવામાં એવી દલીલ કરાઈ છે કે માત્ર સંસદ પાસે જ ટેરિફ લાદવાની બંધારણીય સત્તા છે અને ટ્રમ્પ દ્વારા જણાવાયેલી ઈમર્જન્સી સત્તાઓ માટે વિદેશોમાંથી અસમાન્ય અને અસાધારણ ખતરો હોવો જોઈએ. જે આ બાબતમાં નથી. દાવામાં આક્ષેપ કરાયો છે કે ગમે તે કારણોસર વિશાળ અને બદલાતી ટેરિફ લાદીને ટ્રમ્પને ઈમરજન્સી દાખલ કરવાનું વધુ અનુકૂળ લાગ્યું છે.

### વિવિધ કારણોસર વિઝાનો સમયગાળો લંબાવ્યો હતો

## પાકિસ્તાની હિંદુઓના વિઝા નહી થાય રદ્દ, સરકારે કરી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવાનો નિર્ણય લીધો હતો, જેના કારણે પાકિસ્તાની હિન્દુઓમાં ચિંતા વધી ગઈ હતી. પરંતુ હવે વિદેશ મંત્રાલયે એક મોટી જાહેરાત કરી છે અને સ્પષ્ટતા કરી છે કે પાકિસ્તાની હિન્દુઓના વિઝા રદ કરવામાં આવશે નહીં. પાકિસ્તાની હિન્દુ લઘુમતી સમુદાયના લોકો જે ભારતમાં રહે છે તેમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આ પગલું માનવતાના ધોરણે લેવામાં આવ્યું છે. આ નિર્ણય સાથે હિન્દુ શરણાર્થીઓનું ટેન્શન સમાપ્ત થયું છે.વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે જે પાકિસ્તાની હિન્દુઓને લાંબા ગાળાના વિઝા આપવામાં આવ્યા છે તેમને પાછા જવું પડશે નહીં. મોટી સંખ્યામાં હિન્દુઓ પાકિસ્તાનથી ભારતમાં સ્થળાંતર કરીને આવ્યા છે અને અહીં નાગરિકતા માટે અરજી કરી રહ્યા છે. એક અહેવાલ મુજબ, હજારો પાકિસ્તાની હિન્દુ શરણાર્થીઓ ભારતના વિવિધ શહેરોમાં રહે છે.

### સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને આપી ચેતવણી

## કાલે ઊઠીને કોઈ ગાંધીજીને અંગ્રેજોના નોકર કહેશે તો?

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૫ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા વીર સાવરકરના વારંવાર અપમાનના મુદ્દે આકરું વલણ અખત્યાર કર્યું છે. અદાલતે રાહુલ ગાંધીના નિવેદનોને બેજવાબદારીભર્યા ગણાવ્યા છે એટલું જ નહીં પરંતુ ભવિષ્યમાં આ બાબતે સાવધાન રહેવા ચેતવણી પણ આપી છે. વીર સાવરકર વિરોધી નિવેદનોના કેસમાં રાહુલ ગાંધી સામે માનહાનીનો કેસ ચાલી રહ્યો છે અને આ કેસમાં તેમની સામે જારી થયેલું સમન્સ રદ કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ ઉપર સુપ્રીમ કોર્ટે સ્ટે આપી દીધો. અહેવાલો મુજબ, સુપ્રીમ કોર્ટે આજે શુક્રવારે આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને કહ્યું કે, જેમણે આપણને સ્વતંત્રતા અપાવી તેની સાથે તમે આવો વ્યવહાર કરી રહ્યા છો! ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને ન્યાયમૂર્તિ મનમોહનની બેન્ચે કોંગ્રેસ નેતાને હવે પછી સાવરકર વિરુદ્ધ કોઈ અપમાનજનક નિવેદન ન કરવા ચેતવણી આપી અને સાથે કહ્યું કે, મહારાષ્ટ્રમાં વીર સાવરકરની પૂજા કરવામાં આવે છે. કોર્ટે એવું પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, હવે જો આ રીતે નિવેદન કરવામાં આવશે તો તેનાં પરિણામ ભોગવવા પડશે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે રાહુલ ગાંધીને કહ્યું કે, અમે સ્વતંત્રતા સેનાનીઓ વિરુદ્ધના નિવેદનો ચલાવી લઈશું નહીં. આ વખતે તમે સાવરકર વિરુદ્ધ નિવેદન કર્યું, ભવિષ્યમાં કોઈ કહેશે કે, મહાત્મા ગાંધી અંગ્રેજોના નોકર હતા. માટે સાવધાની રાખો, અન્યથા હવે પછી અમે જાતે આ બાબતને ધ્યાનમાં લઈશું, અર્થાત સુઓ મોટો કરીશું. આ મામલે ચાર એપ્રિલના રોજ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે ઝટકો આપ્યો હતો. હાઈકોર્ટે રાહુલ ગાંધી સામેના સમન આદેશને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટની લખનૌ બેન્ચે કોર્ટમાં ચાલી રહેલા સાવરકર માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. આ માનહાનિનો કેસ ૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીના મહારાષ્ટ્રમાં આપેલા વિવાદાસ્પદ નિવેદન સાથે સંબંધિત છે. જેમાં રાહુલ ગાંધીએ સાવરકરને 'અંગ્રેજોનો નોકર' ગણાવ્યા હતા. તેમજ કહ્યું હતું કે સાવરકર 'અંગ્રેજો પાસેથી પેન્શન લેતા હતા.'

### સહઆરોપી કોર્ટમાં હાજર રહેતો નથી તે આધારે જામીનનો ઇનકાર ન કરી શકાય

## ટ્રાયલ વગર આરોપીને લાંબો સમય કેદ ના રાખી શકાયઃ SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



ઉત્તરપ્રદેશમાં ડ્રગ્સ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીને જામીન આપતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ટ્રાયલ વગર લાંબા સમય સુધી આરોપીને કેદમાં ના રાખી શકાય. આવી કેદ તેના માટે સજા બની જવી જોઈએ નહીં. જસ્ટિસ બી.આર. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી ખંડપીઠે અવલોકન કર્યું હતું કે અરજદારને ૫.૨ વર્ષથી વધુ સમયથી જેલમાં રાખવામાં આવ્યો છે અને ૨૦૧૯માં નોંધાયેલા કેસમાં હજુ સુધી સુનાવણી ચાલુ થઈ નથી. રાજ્યના વકીલે જામીન અરજીનો વિરોધ કરતાં કહ્યું હતું કે આ કેસમાં જામીન પર મુક્ત કરાયેલો સહઆરોપી કોર્ટમાં હાજર રહેતો નથી. ખંડપીઠે જણાવ્યું હતું કે આ કોર્ટે આવા શ્રેણીબદ્ધ કેસમાં જણાવ્યું છે કે ટ્રાયલ શરૂ કર્યા વિના કોઈ પણ આરોપીને લાંબા સમય સુધી કેદમાં રાખી શકાય નહીં. આ કેદને એક સજા બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટ અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા સામેની આરોપીની અરજીની સુનાવણી કરી રહી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે જામીન આપવાનો ગયા વર્ષના માર્ચમાં ઈનકાર કર્યો હતો. આ કેસમાં સહઆરોપી કોર્ટમાં હાજર રહેતો ન હોવાની દલીલ પર ખંડપીઠે જણાવ્યું હતું કે રાજ્ય હંમેશા જામીન રદ કરવા માટે પગલાં લેવા માટે સ્વતંત્ર છે. જોકે અરજદારને ફક્ત એટલા માટે સજા ન કરી શકાય કે સહઆરોપી કોર્ટમાં હાજર રહેતો નથી. જામીન આપવાનો ઈનકાર કરવાનો આ મજબુત આધાર નથી. ખંડપીઠે અરજદારને ગ્રેટર નોઈડા ખાતે નોંધાયેલા કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી શરતો પર જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આરોપીની જાન્યુઆરી ૨૦૧૯માં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં આરોપીએ દાવો કર્યો હતો કે ૧૫૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપાયો તે ઘટનાસ્થળથી તેની ધરપકડ થઈ ન હતી.

**વિશેષ** | વડોદરાને પૂરમુક્ત અને વિશ્વામિત્રી નદીને સ્વચ્છ બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટની પ્રગતિનો ગ્રાફ ઝડપથી ઊંચો જઈ રહ્યો છેઃ હર્ષ સંઘવી

# ગૃહમંત્રી હર્ષ સંઘવીએ 'વિશ્વામિત્રી રિવાઇવલ પ્રોજેક્ટ'નું નિરીક્ષણ કર્યું

### વિશ્વામિત્રી રિવાઇવલ પ્રોજેક્ટ સાઈટ અંગેની સમીક્ષા બેઠકમાં સહભાગી થઈને કામગીરીના સમગ્રલક્ષી આયોજનની વિગતો પણ મેળવી









। (માહિતી) વડોદરા ।

વડોદરા શહેરના એક દિવસીય પ્રવાસે આવેલા ગૃહ રાજ્યમંત્રી અને પ્રભારી મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોતાના પ્રવાસ કાર્યક્રમમાં પ્રથમ વડોદરા મહાનગર પાલિકા દ્વારા ચાલી રહેલ વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટ હેઠળ વિશ્વામિત્રી નદીના તટ પર ચાલી રહેલી કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમજ આ પ્રોજેક્ટ અંગેની સમીક્ષા બેઠકમાં અધ્યક્ષ સ્થાને સહભાગી થઈને શ્રી હર્ષ સંઘવીએ કામગીરીના સમગ્રલક્ષી આયોજનની વિગતો પણ મેળવી હતી. મંત્રીશ્રી સંઘવીના પ્રોજેક્ટ સાઈટ નિરીક્ષણ દરમિયાન વડોદરાના મેયર શ્રીમતી પિક્કીબેન સોની અને વડોદરાના મ્યુનિસિપલ કમિશનરશ્રી અરૂણ મહેશ બાબુએ પ્રોજેક્ટ અંગેની તલસ્પર્શી વિગતો આપી હતી. ત્યાબાદ આ પ્રોજેક્ટ અંગે કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક પણ યોજાઈ હતી, જેમાં વિસ્તૃત અને સાર્થક ચર્ચા કરવામાં આવી હતી. પ્રોજેક્ટ સમયમર્યાદામાં પૂર્ણ થાય અને કાર્યની ગુણવત્તા જળવાઈ રહે તે અંગે ઉચ્ચ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કરી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

બેઠકમાં પ્રોજેક્ટની પ્રગતિથી સંતોષ વ્યક્ત કરીને મંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વિશ્વામિત્રી નદીને ચોક્કસથી નવો અવતાર મળશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડોદરાને પૂરમુક્ત અને વિશ્વામિત્રી નદીને સ્વચ્છ બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટની પ્રગતિનો ગ્રાફ ઝડપથી ઊંચો જઈ રહ્યો છે. નદીને વધુ ઊંડી અને પહોળી બનાવવાની કામગીરી અને આસપાસના વિસ્તારોનું સૌંદર્યીકરણ વડોદરાની સુંદરતામાં વધારો કરશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટમાં પર્યાવરણ સંરક્ષણને પણ કેન્દ્ર સ્થાન આપવામાં આવી રહ્યું છે, જંગલો ન કપાય તથા નદીમાં રહેતા મગરોને પણ નુકસાન ન થાય તે મુજબની કામગીરી થઈ રહી છે. તદુપરાંત નવા બફર લેક અને સ્ટોરેજ ક્ષમતા વધારવાથી શહેરની પાણીની જરૂરિયાતો પણ પૂરી થશે, તેમ તેમણે જણાવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં વિધાનસભાના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લ, ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, કેયુરભાઈ રોકડિયા, મેયર શ્રીમતી પિક્કીબેન સોની, સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શીતલભાઈ મિસ્ત્રી, મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ, કલેક્ટરશ્રી અનિલ ધામેલિયા, ડીડીઓ શ્રીમતી મમતા હિરપરા, પોલીસ કમિશનરશ્રી નરસિમ્હા કોમર ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતની કોર્ટે અનુરાગ કશ્યપ ને નોટિસ ફટકારી

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

છેલ્લા એક અઠવાડિયાથી બોલિવૂડ ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. બ્રાહ્મણો વિરુદ્ધ વાંધાજનક નિવેદન આપ્યા બાદથી તેમને ઉગ્ર વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. નિર્દેશક અનુરાગ કશ્યપના વિરુદ્ધ વિરોધના સૂર હવે ગુજરાતના સુરતમાં પણ ગુંજ્યા છે. બ્રાહ્મણો પર કરેલી વાંધાજનક ટિપ્પણીને કારણે ફિલ્મ મેકર અનુરાગ કશ્યપ વિવાદોમાં ઘેરાયેલા છે. તેમની વિરુદ્ધ ઈન્દોર, મુંબઈ, દિલ્હી અને જયપુર સહિત ઘણા શહેરોમાં ફરિયાદો નોંધાઈ છે. ત્યારે હવે સુરત કોર્ટે પણ અનુરાગ કશ્યપને નોટિસ ફટકારી છે અને ૭ મેએ હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ સુરતમાં ફિલ્મ દિગ્દર્શક અનુરાગ કશ્યપનો બ્રહ્મસમાજ દ્વારા વિરોધ કરાયો છે.

## સુરતમાં પહેલીવાર ટેસ્લાની સાયબર ટ્રક જોવા મળી

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના જાણિતા ઉદ્યોગપતિ અને મોંઘી કારના શોખીન લવજી બાદશાહે દુબઈથી ટેસ્લાની ૫૧ લાખ રૂપિયાની કિંમતની સાઈબર ટ્રક કાર મંગાવી છે. આ કાર સુરતના રસ્તા પર જોવા મળતા લોકો આશ્ચર્યચકિત થઈ રહ્યા છે. મહત્ત્વનું છે કે, ટેસ્લાની આ કાર હજુ ભારતમાં વેચાણ માટે ઉપલબ્ધ નથી. આ કારનો લુક જોઈને દેશભરના લોકોમાં એક જુસ્સો અને ઉત્સુકતા જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકથી સોશિયલ મીડિયા પર એક એવી કારના ફોટા અને વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જે હજુ સુધી ભારતમાં વેચાણ માટે ઉપલબ્ધ જ નથી. સુરતના ઉદ્યોગપતિ લવજી બાદશાહે દુબઈમાં પાસિંગ કરાવેલી ટેસ્લાની સાઈબર ટ્રક કાર ભારતમાં મંગાવી છે. આ કાર પર દુબઈની નંબર પ્લેટ જોવા મળી રહી છે. લવજી બાદશાહે આ કાર પર ગોપીન નામ લખાવ્યું છે.

### કામગીરીનું નિરીક્ષણ કરી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા જણાવ્યું

# આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલે આણંદ ખાતે રૂપિયા ૧૬૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણાધિન સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી

। આણંદ, તા.૨૫ ।

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશ પટેલ જિલ્લામાં વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે આણંદની બોરસદ ચોકડી પાસે રૂપિયા ૧૬૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણાધિન સિવિલ હોસ્પિટલ અને ૫૦ બેડની આયુર્વેદિક હોસ્પિટલના ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. જેનું સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા જણાવ્યું હતું.

મંત્રી શ્રી એ વધુમાં જણાવ્યું હતું કે આણંદ જિલ્લાના રહેવાસીઓને ઘરઆંગણે જ શ્રેષ્ઠતમ આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે અને લોકોને મોટા શહેરોમાં સારવાર અર્થે ન જવું પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા મથક ખાતે અધ્યતન સુવિધાઓ સાથેની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી રહી છે, જેની બાંધકામની



કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થશે તેમ તેમણે જણાવ્યું હતું. આ વેળાએ મંત્રીશ્રીએ નવી બની રહેલ હોસ્પિટલની કામગીરીની પ્રગતિ જોઈને સંતોષનો ભાવ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખની છે કે, ૫૫૩ બેડ ની ક્ષમતાવાળી સિવિલ હોસ્પિટલ કુલ પાંચ માળનું બાંધકામ કુલ ૩૭૨૧૬ ચોરસ મીટર નું બાંધકામ સમયસર પૂર્ણ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર સહિત પાંચ માળનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ હોસ્પિટલ ખાતે બેઝમેન્ટમાં વિશાળ પાર્કિંગ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, આ ઉપરાંત હોસ્પિટલ ખાતે ઈમર્જન્સી વોર્ડ, રેડિયોલોજી, ઓર્થોપેડિક, પીડિયા ટ્રીક, ગાયનેક, જનરલ ઓપીડી, ડેન્ટલ, આઈ સી સી યુ અને એસ આઈ સી યુ., સ્પેશિયલ રૂમ, બ્લડ બેંક, ડાયાલિસિસ રૂમ, જનરલ વોર્ડ, આઈસોલેશન વોર્ડ, પ્રિઝનર વોર્ડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે, તેમ સિવિલ સર્જન ડોકટર અમર પંડ્યા એ જણાવ્યું હતું. મંત્રીશ્રીની આ મુલાકાત સમયે તેમની સાથે આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, આણંદ સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડોક્ટર અમર પંડ્યા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર પિયુષ પટેલ સહિતના અધિકારીઓ જોડાયા હતા.

### યુવકે 3 લાખ આપી બે એજન્ટો પાસેથી ફ્રેન્ચ પાસપોર્ટ બનાવડાવ્યો હતો

## એરપોર્ટ પર બોગસ ફ્રેન્ચ પાસપોર્ટ સાથે કરમસદના યુવકની ધરપકડ

### આ મામલે ઇમિગ્રેશન અધિકારીએ જેવિન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ આદરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

એરપોર્ટ પર બોગસ ફ્રેન્ચ પાસપોર્ટ સાથે કરમસદના યુવકની ધરપકડ કરવામાં આવી છે. યુવકની પૂછપરછ કરતા તેણે 3 લાખ રૂપિયા આપી મહારાષ્ટ્રના બે એજન્ટો પાસેથી ફ્રેન્ચ પાસપોર્ટ બનાવડાવ્યો હતો. આ મામલે એરપોર્ટ પોલીસે યુવકના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મંજુરઈલાહી ગુલામનબી મલીક ઈમિગ્રેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ રાત્રે તેઓ પોતાની ફરજ પર હાજર હતા. ત્યારે ઈમિગ્રેશન કાઉન્ટર નંબર ૧૭ પર અમદાવાદથી દોહા જતી કતાર એરવેઝ ફ્લાઈટના પેસેન્જરનું ઈમિગ્રેશન થઈ રહ્યું હતું. ત્યારે ત્યાં આણંદ જિલ્લાના કરમસદ ખાતે રહેતો જેવિન સંજયભાઈ પટેલ આવ્યો હતો. તેનો પાસપોર્ટ ચેક કરતા ફ્રેન્ચ પાસપોર્ટ હતો. પરંતુ પાસપોર્ટ જોતા જ તે ખોટો હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવ્યું હતું. ઉપરાંત તેમાં ઈમિગ્રેશનનો સિક્કો અને ઈ વિઝા બનાવવામાં આવ્યા હતા તે પણ ફેક જણાઈ આવ્યા હતા. જેથી આ મામલે ઈમિગ્રેશન અધિકારીએ જેવિને સાઈડમાં લઈ જઈ પૂછપરછ કરી હતી. તેની કડકાઈથી પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, આ ફ્રેન્ચ પાસપોર્ટ તેણે મહારાષ્ટ્રના મોહમદભાઈ અને ઈરફાન પાસે બનાવ્યો હતો અને તેના પેટે તેમને 3 લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા. આ જ પાસપોર્ટ પર તેણે કેનેડિયન ઈ વિઝા પણ એપ્લાય કરી દીધા હતા. આવી હકીકત બહાર આવ્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી એરપોર્ટ પોલીસ ત્યાં આવી ગઈ હતી. આ મામલે ઈમિગ્રેશન અધિકારીએ જેવિન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ આદરી છે.

### વિજિલન્સે ટ્રકમાંથી ગાંજો પકડ્યો

## સ્ટેટ મોનિટરિંગ સેલ અને અમદાવાદ એસઓજીએ ગાંજાનો જથ્થો ઝડપ્યો

### દંપતી ગાંજાનો જથ્થો રાજસ્થાનથી ટ્રેનમાં આમદાવાદ લાવ્યા હતા અને લઇને ઇન્દિરાબ્રિજ નજીકથી પસાર થઇ રહ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં ડ્રગ્સની સાથે સાથે હવે ગાંજાનું પણ દૂષણ સતત વધી રહ્યું છે ત્યારે જ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ઓડિશાથી ટ્રકમાં ગાંજો લઈને આવતા ડ્રાઈવર અને ક્લીનરને ઝડપી લીધા હતા. બીજી તરફ, એસઓજીની ટીમે પણ રાજસ્થાનથી ગાંજો લાવતા મહિલા સહિત બે જણાને ઝડપી લીધા છે. આ ગાંજો કોના માટે લાવવામાં આવતો હતો તેની તપાસ ચાલી રહી છે. સ્ટેટ મોનિટરિંગ સેલના નિર્લિપ્ત રાય અને કે.ટી. કામરિયાની ટીમને બાતમી મળી હતી કે ઓડિશાથી ટ્રકમાં ગાંજાનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. તેને પગલે તેમની ટીમના સબ ઈન્સ્પેક્ટર કે.ડી. રવિયા કામે લાગી ગયા હતા. ગાંજો ભરેલી ટ્રક સનાથલ આવવાની વિગતો મળતાં સનાથલ નજીક પોલીસ ગોઠવાઈ ગઈ હતી અને બાતમીવાળી ટ્રક આવતા તેની તપાસ કરાઈ હતી. જેમાં ટ્રકમાંથી ૩૩૧૨૫ કિલો ગાંજો મળી આવ્યો હતો. ટ્રક સાથે મળી પોલીસે ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. ગાંજાના જથ્થા સાથે ટ્રકનો ચાલક રીયાઝશા ઉમરશા ફકીર (રહે. ગોંડલ, રાજકોટ) તથા ટ્રકનો ક્લીનર ઝફર હુસૈન ઉર્ફે ભુરો સોલંકી (રૈયા રોડ, રાજકોટ)ને ઝડપી લેવાયા હતા. તેમની પ્રાથમિક પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે આ ગાંજો તેઓ ઓડિશાના ગંજામ જિલ્લામાં જંગલ વિસ્તારના અમન પાસેથી લાવ્યા હતા. તેઓ પોતાના ગ્રુપના મોઈન જીકરભાઈ સોલંકી સાથે ગાંજાનો છૂટક વેપાર કરે છે. તેઓ ટ્રકમાં લોખંડની પાઈપની આડમાં ગાંજો છૂપાવીને લાવ્યા હતા. એસઓજીના જયરાજસિંહ જાડેજા અને બી.સી. સોલંકીની ટીમે બાતમીના આધારે વોચમાં ગોઠવાઈ ગઈ હતી.

### હવે રવાના કરવાની તૈયારી

## ગુજરાતમાં ૪૦૦ કરતાં વધુ પાકિસ્તાનીઓની થઈ ઓળખ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

પહલગામમાં આતંકી હુમલા પછી ભારતે પાકિસ્તાનને આકરો સંદેશો આપતા બુધવારે સાર્ક વિઝા હેઠળ આવેલા પાકિસ્તાનીઓને દેશ છોડવા આદેશ કર્યો હતો. ભારત સરકારે હવે ગુરુવારે પાકિસ્તાની નાગરિકોના મેડિકલ સહિત તમામ પ્રકારના વિઝા રદ કરી દીધા છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી હટાવે.ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે. આ દિશામાં ગુજરાત સરકાર એક્શનમાં આવી ગઈ છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને હાંકી કાઢવા માટે કવાયત તેજ ધરાઈ છે. ગૃહ વિભાગ દ્વારા પાકિસ્તાની નાગરિકોની યાદી તૈયાર કરાઈ છે.

જમ્મુ-કાશમીરના પહેલગામમાં આતંકી હુમલાની જઘન્ય ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર આકરા પ્રતિબંધો લાદી દીધા છે. જે પૈકી એક ભારતના શોર્ટ ટર્મ વિઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૨૭ એપ્રિલ સુધીમાં દેશ છોડવા જણાવ્યું છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં લોન્ગ ટર્મ વિઝા પર ૪૩૮ પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદમાં વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો, સુરતમા ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો, ગુજરાતમાં શોર્ટટર્મ વિઝા પર રહેલા ૭ નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. આ સિવાય શોર્ટ ટર્મ વિઝા પર સૌથી વધુ ૫ પાકિસ્તાની નાગરિકો અમદાવાદમાં હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૧ ભરૂચ અને ૧ વડોદરામાં પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે.

ગુજરાતમાંથી પહેલા પાકિસ્તાની નાગરિકને તત્કાળ ભારતના બહાર મોકલવામાં આવ્યા છે જેનું નામ શાહિદા બીબી છે જે ભરૂચમા પોતાના સગાના ઘરે હતા. શોર્ટ ટર્મ વિઝા પર રહેલ શાહિદા બીબી પાકિસ્તાન મોકલી દેવામાં આવ્યા છે. અટારી બોર્ડરથી પાકિસ્તાન મોકલી દેવામાં આવી છે. વડોદરામાં એક મહિલા શોર્ટ ટર્મ વિઝા પર આવ્યા છે. તેમણે આગામી બે દિવસમાં દેશ છોડવો પડશે. આ હુમલા બાદ ભારત સરકારે સૌથી પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધિને મુલતવી રાખી હતી. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની જાણકારી આપી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓ મામલે જાણાવ્યું હતું કે, ભારત સરકારના નિર્ણયનું પાલન કરવું એ રાજ્ય સરકારની જવાબદારી છે. તમામ જિલ્લાના અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. અને પાકિસ્તાની પીડિતોને કોઈ જાતની હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે.

### જૂનાગઢના કેશોદના ચર ગામે બની કરુણ ઘટના

## લગ્નના બીજા જ દિવસે યુવકે નર્સરીમાં જઈને આપઘાત કરી લીધો

### સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ ગામના કેટલાક લોકોએ તેને ઝાડ પર લટકતો જોયો અને તાત્કાલિક પોલીસને જાણ કરી

। (એજન્સી) જુનાગઢ, તા.૨૫ ।

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ચર ગામે આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. માત્ર બે દિવસ પહેલાં લગ્નગ્રંથિથી જોડાયેલા ૨૬ વર્ષીય યુવકે ગામની વન વિભાગની નર્સરીના જંગલ વિસ્તારમાં ઝાડ સાથે દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. આ અણધારી ઘટનાથી પરિવાર અને ગામમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે.ચર ગામમાં એક તરફ લગ્ન પછી ઘરે ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તરફ ૨૬ વર્ષીય સુનિલ કરસનભાઈ ડાકીએ નર્સરીમાં જઈને જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક સુનિલ ભેસાણ ખાતે જેટકોમાં નોકરી કરતો હતો. તે આજે વહેલી સવારે ઘરેથી નીકળ્યા બાદ ચર ગામની વન વિભાગની નર્સરી તરફ ગયો હતો. સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ ગામના કેટલાક લોકોએ તેને ઝાડ પર લટકતો જોયો અને તાત્કાલિક પોલીસને જાણ કરી.કેશોદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે અને યુવકે આ અંતિમ પગલું શા માટે ભર્યું તે જાણવા માટે કાર્યવાહી હાથ ધરી છે.આ દુઃખદ ઘટનાથી મૃતકના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. લગ્નના બીજા જ દિવસે અને ઘરમાં ધાર્મિક પ્રસંગના સમયે યુવકના આપઘાતથી સૌ કોઈ સ્તબ્ધ અને દુઃખી થઈ ગયા હતા.કેશોદના ડીવાયએસપી ડી.સી. ઠાકરે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, મૃતક સુનિલના બે દિવસ પહેલાં જ લગ્ન થયા હતા અને આજે તેમના ઘરે ધાર્મિક કાર્યક્રમ હતો. આવા સમયે યુવકે આપઘાત જેવું પગલું ભરવું એ ખરેખર દુઃખદ અને ચિંતાજનક છે. પોલીસ આ કેસની તમામ પાસાઓથી તપાસ કરી રહી છે.

## સરકારી વિતરણ વ્યવસ્થાનો બેફામ દુરૂપયોગ, પુરવઠા વિભાગની ટીમે વધુ તપાસ હાથ ધરી

। (એજન્સી) ઊના, તા.૨૫ ।

ઊના પંથકમાં રાશનના માલનો કાળો કારોબાર ફુલ્યો ફાલ્યો હોય તેમ મેણ ગામેથી સસ્તા અનાજના જથ્થા સાથે એક રિક્ષાચાલક ઝડપાઈ ગયો હતો. આ માલની હેરાફેરીની વિગતો મેળવવા પુરવઠા વિભાગે તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

રાશન કાર્ડમાં દીન દયાળ યોજના હેઠળ જરૂરિયાતમંદ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવે છે પરંતુ ઘણાં લોકો દ્વારા તેનું બારોબાર વેંચાણ કરાતું હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. આ બાબતે મેણ ગામના જાગૃત નાગરિક સાગરભાઈ ઉકાભાઈ પરમારે ગત તા.૧૬ના પ્રાંત અધિકારી, ઊનાને પત્ર પાઠવી ધ્યાન દોર્યું હતું કે, મેણ ઉપરાંત ગુંદાળા, ભડીયાદર, ચાંચકવડ, ઝુડવડલી, ભાચા, કંસારી સહિતના ગામોમાં અમુક લોકો કૂપનમાં મળતો અનાજનો જથ્થો દુકાનેથી લીધા બાદ બારોબાર વેંચી નાખે છે. તેમની પાસેથી આ રાશનનો માલ ખરીદવા રીક્ષા જેવા વાહનો હરતા ફરતા રહે છે. મેણ ગામે આવી સસ્તા અનાજનો જથ્થો લઈ જતી રીક્ષાને ઉભી રખાવી ફોન કરી પુરવઠા અધિકારીને બોલાવી તેને પકડવામાં જાગૃતિ બતાવી હતી.

પુરવઠા વિભાગની ટીમે રીક્ષા ચાલકની વધુ પૂછપરછ હાથ ધરી છે. અત્રે નોંધનીય બની રહેશે કે, કૂપનમાં મળતા અનાજને નવી પદ્ધતિથી અમુક લોકો કાળા બજાર સુધી પહોંચતું કરે છે. રીક્ષા આખા ગામમાં ફરે અને સસ્તા ભાવે અનાજ લઈ તે નિયત જગ્યાએ ભેળસેળ કે અન્ય બીજા ઉપયોગ માટે પહોંચતું કરે છે. આવા સસ્તા અનાજનો સંગ્રહ કરતા ગોડાઉન અગાઉ પકડાયા હતા પણ આજદિન સુધી કાળા બજારીયા કે સંગ્રહખોરોને સકંજામાં લેવામાં તંત્ર નિષ્ફળ જ રહ્યું છે.

### શુદ્ધ પનીર પ્રોટીન અને કેલ્શિયમથી ભરપૂર હોય છે

## કેટલીક હોટલ- ફાસ્ટ ફૂડ સેન્ટરમાં સસ્તા એનાલોગ પનીરના ઉપયોગથી સ્વાસ્થ્યને નુકસાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યની કેટલીક હોટલ-રેસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ સેન્ટર, કેન્ટીન અને કેટરર્સ દ્વારા એક્ચ્યુઅલ પનીરના બદલે સસ્તા એનાલોગ પનીરનો ઉપયોગ કરવામાં આવે છે જે સ્વાસ્થ્ય માટે ભારે હાનિકારક હોવાથી તેનો ઉપયોગ બંધ કરાવવા અને ઠેર ઠેર ચેકિંગ કરવા તંત્રને રજૂઆત કરવામાં આવી છે. ગ્રાહકોને ડીશમાં જે ફૂડ અપાય છે તેમાં કયા ફૂડ ઈન્ગ્રેડીયન્ટ્સ વપરાય છે તે જાણવાનો હક હોવાથી તેને મેનુ કાર્ડમાં દર્શાવવા પણ જરૂરી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ડુપ્લિકેટ કે આરોગ્યને હાનિકારક પનીરનો વેપલા મોટા પ્રમાણમાં થઈ રહ્યો હોવાની બૂમ ઊઠી છે. એટલે સુધી કે તાજેતરમાં કેન્દ્ર સરકારના ગ્રાહક સુરક્ષા બાબત સંભાળતા મંત્રી પ્રહલાદ જોશીએ કેન્દ્રના આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખીને બજારમાં નકલી-એડલ્ટરેટેડ પનીર વેચાય છે તે મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ખોરાક અને ઔષધ નિયામક તંત્રને ગ્રાહક સંગઠનો દ્વારા કરાયેલી લેખિત રજૂઆત મુજબ ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતા જે એકમો ગ્રાહકોને એક્ચ્યુઅલ પનીરના બદલે એનાલોગ પનીર આપી તેમની સાથે ચીટિંગ કરે છે તેની સામે વ્યાપક ઝુંબેશના ભાગરૂપે તપાસ કરવી જોઈએ. એટલું જ નહીં તેવા એકમોના લાઈસન્સ પણ રદ કરવા જોઈએ. મહાનગરોને ફૂડ અધિકારીઓએ પણ આ બાબતે સક્રિય થઈને લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતી આવી હોટલ સહિતના એકમો સામે ગંભીર પગલાં લેવા જોઈએ. જો મેનુ કાર્ડ કે ડિસ્પ્લે બોર્ડમાં દર્શાવ્યા વિના જ ગ્રાહકોને એનાલોગ પનીર એટલે કે નોન ડેરી પ્રોડક્ટ કે પ્લાન્ટ બેઝ પ્રોડક્ટ અપાતી હોય તો તે પણ મુજબ ગેરરીતિ કરવાનો ગુનો બને છે. અસલી પનીર દૂધની પ્રોડક્ટ હોય છે જ્યારે એનાલોગ પનીર નોન ડેરી કે પ્લાન્ટ બેઝ પ્રોડક્ટ હોય છે. અસલ પનીર દૂધમાંથી બનતું હોય એટલે તેનો ભાવ પણ લગભગ કિલોના ૪૫૦ રૂપિયાની આસપાસ હોય છે. તેની સામે એનાલોગ પનીર જે વનસ્પતિ તેલ, પામ ઓઈલના ઉપયોગથી બને છે. જેનો ભાવ ૧૫૦થી ૨૧૦ રૂપિયા હોય છે. શુદ્ધ પનીર પ્રોટીન અને કેલ્શિયમથી ભરપૂર હોય છે. એનાલોગ પનીર નબળી ગુણવત્તાનું હોવાથી તેના નિયમિત વપરાશથી કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યા, ઉબકા, પેટનું ફૂલવું વિગેરે શારીરિક સમસ્યા સર્જાઈ શકે છે.




